dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 15 । AD - 2026, Aso Sud-05 । Thursday, Dt. 15-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

જથ્થાબંધ ભાવમાં થયેલો વધારો છૂટક ભાવમાં કેટલો અને ક્યારે પ્રતિબિંબિત થશે તે બજારની સ્થિતિ પર આધારિત

દેશમાં ફુગાવો વધીને ૧૧.૩૯% થતા અનેક ચીજવસ્તુઓના ભાવમાં વધારો

નવીદિલ્હી,તા.૧૪

તહેવારોની મોસમ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ વચ્ચે દેશના સામાન્ય લોકો અને ઉદ્યોગો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવાનો દર ઓગસ્ટ ૨૦૨૬માં ૯.૯૨ ટકા હતો, જે વધીને સપ્ટેમ્બર ૨૦૨૬માં ૧૧.૩૯ ટકા થયો છે. આમ, જથ્થાબંધ ફુગાવાનો દર બે આંકડામાં પહોંચતા બજારમાં મોંઘવારીનું દબાણ વધ્યું છે. ખનિજ તેલ, ખાદ્યપદાર્થો, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, કોલસો, મૂળભૂત ધાતુઓ અને રસાયણોના ભાવમાં થયેલા વધારાને આ સ્થિતિનું મુખ્ય કારણ માનવામાં આવે છે. જથ્થાબંધ ભાવ સૂચકાંક પણ ઓગસ્ટમાં ૧૧૦.૮થી વધીને સપ્ટેમ્બરમાં ૧૧૨.૫ થયો છે. ઈંધણ અને વીજળીના ક્ષેત્રમાં ફુગાવાનો દર ઓગસ્ટના ૨૨.૯૩ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૨૫.૮૫ ટકા થયો છે. આ ક્ષેત્રનો સૂચકાંક પણ ૧૦૮.૩થી વધીને ૧૧૦.૫ થયો છે. ઈંધણ અને વીજળીના ભાવમાં થયેલો વધારો ઉત્પાદન અને પરિવહન ખર્ચને અસર કરી શકે છે, જેના કારણે બજારમાં ચીજવસ્તુઓના ભાવ પર પણ દબાણ વધી શકે છે. ઉત્પાદિત ચીજવસ્તુઓના ક્ષેત્રમાં પણ ફુગાવાનો દર વધ્યો છે. ઓગસ્ટમાં આ દર ૮.૩૭ ટકા હતો, જે સપ્ટેમ્બરમાં વધીને ૯.૭૬ ટકા થયો છે. આ દરમિયાન તેનો સૂચકાંક ૧૦૮.૮થી વધીને ૧૧૦.૨ થયો છે. બીજી તરફ, પ્રાથમિક ચીજવસ્તુઓમાં ફુગાવાનો દર ૭.૭૬ ટકાથી વધીને ૮.૬૭



ટકા નોંધાયો છે. આ શ્રેણીનો સૂચકાંક પણ ૧૧૮.૧થી વધીને ૧૨૦.૩ થયો છે. ખાદ્યપદાર્થોના ભાવમાં થયેલો વધારો પણ સામાન્ય લોકોના બજેટને અસર કરી શકે છે. જથ્થાબંધ ખાદ્ય સૂચકાંકમાં ઓગસ્ટ ૨૦૨૬માં ૭.૦૫ ટકાનો ફુગાવો હતો, જે સપ્ટેમ્બરમાં વધીને ૮.૬૬ ટકા થયો છે. આ સૂચકાંકમાં પ્રાથમિક ચીજવસ્તુઓના જૂથની ખાદ્ય વસ્તુઓ અને ઉત્પાદિત ઉત્પાદનોના જૂથ હેઠળ ખાદ્યપદાર્થોના ઉત્પાદનનો સમાવેશ થાય છે. જથ્થાબંધ ભાવમાં વધારો થતાં ખાદ્ય બજારમાં પણ ભાવવધારાની શક્યતા વધી રહી છે. મંત્રાલયે અગાઉના મહિનાના આંકડાની સ્થિતિ પણ સ્પષ્ટ કરી છે. જુલાઈ ૨૦૨૬નો અંતિમ જથ્થાબંધ ભાવ સૂચકાંક ૧૧૦.૦ રહ્યો હતો અને તે મહિના માટેનો અંતિમ ફુગાવાનો દર ૯.૭૮ ટકા નોંધાયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૬નો કામચલાઉ સૂચકાંક ૮૩.૪ ટકાના ભારિત પ્રતિભાવ દરના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. ઈંધણ, વીજળી અને કાચા માલના ભાવમાં વધારો થતાં ઉદ્યોગોના ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થઈ શકે છે. જથ્થાબંધ ફુગાવાનો દર ૧૧.૩૯ ટકા સુધી પહોંચતા આગામી સમયમાં છૂટક બજારમાં ભાવ પર તેની અસર જોવા મળી શકે છે. જોકે, જથ્થાબંધ ભાવમાં થયેલો વધારો છૂટક ભાવમાં કેટલો અને ક્યારે પ્રતિબિંબિત થશે તે બજારની સ્થિતિ પર આધારિત રહેશે. સામાન્ય પરિવારો માટે રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારાની શક્યતા ચિંતાનો વિષય બની રહી છે.

જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરનાર સીજેપીના બંને નેતા પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં

નવી દિલ્હી, તા. ૧૪



દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાના મામલે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતાઓ આશુતોષ રંકા અને સૌરવ દાસને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. બંને નેતાઓ ત્રિરંગો લઈને બેરિકેડ પાર કરી સૂત્રોચ્ચાર કરતા પહોંચ્યા હતા, ત્યારબાદ પોલીસે તેમની અટકાયત કરી હતી. આ જ કેસમાં ત્રીજા નેતા અજિંક્ય શિંદેને નવા જામીન બોન્ડ પર સહી કરવાની શરતે મુક્ત કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, બંને નેતાઓએ અગાઉના જામીન બોન્ડની શરતોનો ભંગ કર્યો હતો. જોકે, તેમના વકીલે પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠાવી આક્ષેપો નકાર્યા હતા. સીજેપીના સ્થાપક અભિજીત દિપકે સરકાર પર વિરોધના અવાજને દબાવવાનો આરોપ લગાવ્યો હતો.

બિહારના રાઘોપુરમાં ગંગા નદીમાં હોડી પલટી જતાં ૧૩ લોકોના ડૂબી જવાથી મોત



પટણા, તા.૧૪


બિહારના વૈશાલી જિલ્લાના રાઘોપુર વિસ્તારમાં ગંગા નદીમાં ૩૦ મુસાફરોને લઈને જઈ રહેલી હોડી પલટી જતાં ૧૩ લોકોનાં કરૂણ મોત નિપજ્યાં છે.


પ્રાથમિક માહિતી મુજબ રામપુર ગામ નજીક શ્રાધ્ધ પ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલી હોડી નદીના મોજામાં ગરકાવ થઈ હતી. મૃતકોમાં મોટાભાગના ૧૫ વર્ષથી ઓછી વયના વિદ્યાર્થીઓ છે.દુર્ઘટનામાં ઘાયલ સાત લોકોને પટનાની નાલંદા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ વર્ષા સિંહે ઘટનાસ્થળે પહોંચી ગુમ થયેલા લોકો માટે બચાવ કામગીરી હાથ ધરી છે. આ ઘટના અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કરી મૃતકોના પરિવારોને રૂ. ૨ લાખ અને ઘાયલોને રૂ. ૫૦ હજારની સહાય જાહેર કરી છે. જ્યારે રાજ્ય સરકારે મૃતકોના સ્વજનોને રૂ. ૪ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે.

સરહદ પર સુલેહ શાંતિ વિના ચીન સાથે સંબંધો સામાન્ય બનાવવા મુશ્કેલ: વિદેશ મંત્રી જયશંકર

નવી દિલ્હી, તા.૧૪

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે ભારત અને ચીન વચ્ચે સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવી સંબંધો સામાન્ય બનાવવા માટે અનિવાર્ય છે. તેમણે કહ્યું કે ૨૦૨૦માં સરહદ પર થયેલી અથડામણો બાદ બંને દેશોના સંબંધો પર ગંભીર અસર પડી હતી. સરહદી તણાવ દૂર કરવા ચાર વર્ષ સુધી વાતચીત ચાલી હતી. જયશંકરે ચીન સાથેના વેપારમાં અસંતુલન અને ભારતીય કંપનીઓને બજારમાં પૂરતી તક ન મળવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે સરહદ, વેપાર, બજાર પ્રવેશ અને રોકાણ સંબંધિત મુદ્દાઓને અલગથી ઉકેલવામાં આવશે. સીમા પર શાંતિ જાળવવી બંને દેશોના હિતમાં છે.







શ્રદ્ધાંજલિ - બેસણું



સ્વ. ચતુરભાઈ દેવશીભાઈ ગજેરા

(પૂર્વ પ્રમુખશ્રી અમરેલી ગજેરાપરા સેવા સહકારી મંડળી લી.)
(ઉ.વ. ૭૦) ગામ : અમરેલી

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી
સ્વ. ચતુરભાઈ દેવશીભાઈ ગજેરા (ઉ.વ. ૭૦) સં. ૨૦૮૨ આસો સુદ ૩ ને
મંગળવાર તા. ૧૩/૧૦/૨૦૨૬ રોજ સ્વર્ગવાસી થયા છે.
શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન તેમના
દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

|| બેસણું ||
તા. ૧૬/૧૦/૨૦૨૬, શુક્રવાર
સવારે ૮:૦૦ થી
સાંજના ૫:૦૦ સુધી

|| સ્થળ ||
ગજેરાપરા,
પટેલ વાડી,
અમરેલી.

લી.

નીરવભાઈ ચતુરભાઈ ગજેરા
ચિરાગભાઈ ચતુરભાઈ ગજેરા
અનિલભાઈ પ્રાગજીભાઈ ગજેરા
પરેશભાઈ ભીખુભાઈ ગજેરા
જીતુભાઈ પ્રાગજીભાઈ ગજેરા
મુકેશભાઈ હિંમતભાઈ ગજેરા
તુષારભાઈ હિંમતભાઈ ગજેરા

૯૪૨૮૭ ૯૮૭૮૭ / ૯૫૩૭૬ ૨૦૫૫૦/ ૯૪૨૬૯ ૮૫૬૧૦ / ૯૯૨૫૩ ૭૦૭૦૧

ધારીમાં રિક્ષા ચાલક યુનિયન દ્વારા સ્ટેન્ડ નક્કી કરવા નગરપાલિકામાં આવેદન પાઠવાયું

સીએનજી પંપ ખાતે પ્રાથમિકતા આપવા અને તંત્રની હેરાનગતિ દૂર કરવાની માંગ

ધારી,તા.૧૪



તસવીર : સંજય વાળા

ધારી શહેરમાં રિક્ષા ચાલકો માટે કોઈ ચોક્કસ સ્ટેન્ડ નક્કી કરવામાં આવ્યું નથી. આ સમસ્યાના ઉકેલ માટે ધારી રિક્ષા ચાલક યુનિયન દ્વારા નગરપાલિકા ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. યુનિયનની મુખ્ય માંગણી મુજબ રિક્ષા સ્ટેન્ડ માટે વૈકલ્પિક જગ્યા ફાળવી ચોક્કસ સ્થળ નક્કી કરવામાં આવે, તેમજ સીએનજી પંપ ખાતે રિક્ષા ચાલકોને પ્રાયોરિટી આપવામાં આવે. આ ઉપરાંત તંત્ર દ્વારા રિક્ષા ચાલકોને થતી બિનજરૂરી હેરાનગતિ તાત્કાલિક દુર કરવામાં આવે તેવી માંગ સાથે યુનિયનના તમામ સભ્યોએ નગરપાલિકા ખાતે પહોંચી ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખને આવેદનપત્ર આપ્યું હતું.

મહેશ કસવાળાના પ્રયત્નોથી સા.કુંડલા પંથકમાં રૂ.૮.૫૫ કરોડનાં કામોની મંજૂરી

મંજૂરી બદલ ધારાસભ્યએ મુખ્યમંત્રીનો આભાર માન્યો

અમરેલી,તા.૧૪



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂ. ૮.૫૫ કરોડના વિકાસકામોને મંજૂરી મળી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બાઢડા-અભરામપરા રોડ પર સીસી રોડ માટે એક કરોડ, આંબરડી એપ્રોચ રોડથી પ્રાથમિક શાળા સુધીના રોડ માટે ૬૫ લાખ, આદસંગ એપ્રોચ રોડના પહોળાઈકરણ અને સીસી રોડ માટે ૪.૨૦ કરોડ, મોટા ઝીંઝુડા-ખોડિયારપરા રોડ માટે ૧.૧૦ કરોડ તથા વીજપડી-ડેડકડી રોડ પર માઈનોર બ્રિજ, એપ્રોચ રોડ અને પ્રોટેક્શન વોલ માટે ૮૦ લાખ રૂપિયાની મંજૂરી મળી છે. હિપાવડલીથી સ્મશાન સુધીના રોડ માટે પણ ૮૦ લાખ રૂપિયાના કામને મંજૂરી અપાઈ છે. આ વિકાસકાર્યોથી ગ્રામ્ય વિસ્તારોની જોડાણ વ્યવસ્થા સુધરશે અને લોકોને અવરજવરમાં સરળતા રહેશે. આ મંજૂરી બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

સા.કુંડલાના મોટા ઝીંઝુડા પ્રા.શાળાનો રાજ્યકક્ષાના ગણિત મહોત્સવમાં ડંકો

સાવરકુંડલા,તા.૧૪



ભાવનગર જિલ્લાના સોનગઢ ખાતે યોજાયેલ ૨૦મા રાજ્યકક્ષાના ગણિત મહોત્સવ-૨૦૨૬માં મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળાના જય દુધાતે ગણિત પ્રોજેક્ટમાં રાજ્યમાં બીજો ક્રમ મેળવ્યો હતો. મુકુંદ હેલૈયા અને પ્રિન્સ દેગામાએ ક્વિઝમાં છઠ્ઠો ક્રમ મેળવ્યો હતો. વિજેતાઓને શિલ્ડ, મેડલ અને પ્રમાણપત્ર અપાયા હતા. ગામે પરત ફરતા વિદ્યાર્થીઓ અને શિક્ષક જયદીપભાઈ સાદરાણીનું સરપંચ, પંચાયત સભ્યો અને ગ્રામજનો દ્વારા ઢોલ-નગારા સાથે સ્વાગત કરાયું હતું.

સાવરકુંડલામાં રોડના કામની પાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ અચાનક મુલાકાત લીધી


સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલા શહેરમાં કાણિયા કોલેજથી સરદાર પટેલ સ્ટેચ્યુ સુધી બની રહેલા રોડના કામની નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ અચાનક મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે રોડની ગુણવત્તા અને ચાલી રહેલા કામની ચકાસણી કરી હતી. પ્રમુખે સ્થળ પર હાજર કર્મચારીઓ અને જવાબદાર અધિકારીઓ પાસેથી કામની પ્રગતિ અંગે માહિતી મેળવી હતી. રોડનું લેવલ માપીને કામગીરી યોગ્ય રીતે થઈ રહી છે કે નહીં તેની પણ તપાસ કરી હતી. રોડના કામમાં ગુણવત્તાના માપદંડો જળવાઈ રહે અને નાગરિકોને સારી સુવિધા મળી રહે તે માટે તેમણે જરૂરી સૂચનાઓ આપી હતી. વિકાસના કામોમાં કોઈ બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં તેમ જણાવી કામ યોગ્ય ગુણવત્તા સાથે સમયસર પૂર્ણ થાય તે માટે સતત દેખરેખ રાખવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

સાવરકુંડલા બ્રાન્ચ શાળા નંબર-૮ની કલામહાકુંભમાં બેવડી સિદ્ધિ

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલા તાલુકા કક્ષાના કલામહાકુંભમાં બ્રાન્ચ શાળા નંબર-૮ના વિદ્યાર્થીઓએ લોકનૃત્ય અને રાસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી બેવડી સફળતા મેળવી હતી. આ સિદ્ધિ બદલ શિક્ષકો જીગર પરમાર, શીતલબેન સુતરીયા અને રિયાજભાઈ શેખને અભિનંદન પાઠવાયા હતા. આચાર્ય વિશ્રુતાબેન જાની સહિત શાળા પરિવારે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. હવે વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

રાજુલા પોલીસે ચેક રિટર્નની સજા વોરંટના નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૪



રાજુલા પોલીસે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા પામેલા ફરાર આરોપી સોમિલભાઈ સલીમભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૧, રહે. ડુંગર રોડ)ને રાજુલા ટાઉનમાંથી ઝડપી પાડયો છે. અમદાવાદની ૨૪મી અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે તેને તકસીરવાન ઠેરવ્યો હતો. આરોપી કોર્ટમાં હાજર રહેતો ન હતો અને ફરિયાદીની રકમ ચૂકવવામાં પણ કસૂર કરતો હતો. નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની સૂચના હેઠળ હેડ કોન્સ્ટેબલ સુરજભાઈ બાંભણિયા, ઘનશ્યામભાઈ મહેતા, અમિતભાઈ મકવાણા અને શંભુભાઈ વાઘેલાએ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી.

સા.કુંડલા ગુરુકુળની દીકરીઓએ રાજ્યકક્ષાની બેઝબોલ સ્પર્ધામાં મેળવ્યું દ્વિતીય સ્થાન

સાવરકુંડલા,તા.૧૪



વાંકાનેર ખાતે તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ યોજાયેલી ૭૦મી અખિલ ભારતીય બેઝબોલ સ્પર્ધા અંતર્ગત રાજ્યકક્ષાની અંડર-૧૪ સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુળની દીકરીઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ સંસ્થાના સંતો, શાળાના સંચાલકો, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રમતગમત અધિકારી પૂનમબેન, કોચ દીપકભાઈ વાળા સહિતના મહાનુભાવોએ અભિનંદન પાઠવી વિદ્યાર્થિનીઓને શુભકામનાઓ આપી હતી.

પાડરશિંગા કુમાર શાળાના ૪ બાળકો રાજ્ય કક્ષાએ અમરેલીનું પ્રતિનિધિત્વ કરશે

લાઠી,તા.૧૪



લાઠી તાલુકાની પાડરશિંગા કુમાર શાળા માટે ગૌરવની ક્ષણ આવી છે. શાળાના ૪ વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાના ખેલમહાકુંભમાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ વિદ્યાર્થીઓએ લાલાવદર સ્થિત જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી U-૧૪ ભાઈઓની જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.જિલ્લામાંથી સંદ થયેલા કુલ ૬ ખેલાડીઓમાંથી ૪ ખેલાડીઓ પાડરશિંગા શાળા અને લાઠી તાલુકાના હોવાથી વિશેષ સિદ્ધિ ગણાય છે. આ સફળતા બદલ આચાર્ય સંગીતાબેન ડાભી, સી.આર.સી. સંજયભાઈ ગોહિલ, ટી.પી.ઓ. ગૌરાંગભાઈ જોષી અને શાળા પરિવારે ખેલાડીઓ અને યોગકોચ કમલેશભાઈ તરખાલાને અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલીમાં કલેક્ટર સહિતના અધિકારીઓ ગરબે રમ્યા

અમરેલી,તા.૧૪



અમરેલી શહેરની સુખનિવાસ કોલોનીમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના ત્રીજા નોરતે અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે માં અંબાની ભક્તિભાવ પૂર્વક આરતી ઉતારી અને સમગ્ર જિલ્લાની સુખ-શાંતિ તેમજ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, નાયબ કલેક્ટર જાડેજા અને પ્રતીક કુંભાણી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓએ ગરબાના તાલે ઝૂમીને નવરાત્રી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. કલેક્ટર કચેરીના જનસંપર્ક અધિકારી, આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર અને અમરેલીના મામલતદાર સહિત અન્ય અધિકારીઓ પણ આ ગરબા મહોત્સવમાં જોડાયા હતા. મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓની ઉપસ્થિતિએ મહોત્સવને ઉત્સાહભર્યો બનાવ્યો હતો.

વડિયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે SVS કક્ષાનું બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

વડિયા,તા.૧૪



વડિયા ખાતે સુરગવાળા હાઈસ્કૂલમાં એસવીએસ કક્ષાનું બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે અને નવા સંશોધનો અંગે જાગૃતિ આવે તેવા હેતુથી આ પ્રદર્શન યોજાયું હતું. જેમાં વડિયા-કુંકાવાવ, બગસરા અને ધારી તાલુકાની વિવિધ શાળાઓના બાળકોએ કુલ ૪૧ કૃતિઓ રજૂ કરી હતી. બહેતર જીવનશૈલી માટે કૃત્રિમ બુદ્ધિમત્તા, પર્યાવરણ સંરક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા, સ્વદેશી કૃષિ પદ્ધતિઓ તથા આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો પર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રદર્શન નિહાળવા શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી થયો હતો. પ્રસંગે સરપંચ મનીષ ઢોલરિયા, હરેશ રાદડિયા, તુલસી મકવાણા, ભીમશી ચંદ્રવાડિયા સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડી.ડી. પાદરિયા અને વિજ્ઞાન શિક્ષક એમ.જી. વાઢેરના માર્ગદર્શન હેઠળ સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૪૯૧૨ ૦૭૭૩૬

બગસરાની ANM તાલીમ શાળાને રાજકોટ ખસેડવા સામે ઉગ્ર વિરોધ

બગસરા તા.૧૪

બગસરાની એએનએમ તાલીમ શાળાને રાજકોટ ખસેડવાની કાર્યવાહી સામે વિરોધ ઉઠ્યો છે. નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા અને સામાજિક કાર્યકર તથા કોંગ્રેસ નેતા જમાલભાઈ પીરાભાઈ સરવૈયાએ આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાને પત્ર પાઠવી તાલીમ શાળા


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં જ રાખવા માંગ કરી છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે પ્રિન્સિપાલ અને ફેકલ્ટીના અંગત સ્વાર્થને લીધે સ્થાનિક વૈકલ્પિક જગ્યા શોધવાને બદલે રાજકોટ ખસેડવાની કાર્યવાહી થઈ રહી છે. નર્સિંગ હોસ્ટેલ અને ટૂંક સમયમાં ખાલી થનારી મામલતદાર કચેરીમાં વ્યવસ્થા થઈ શકે તેમ છે. શાળામાં અભ્યાસ કરતી ૩૩ જેટલી વિદ્યાર્થીનીઓને રાજકોટ જવાની ફરજ પડશે. જમાલભાઈએ જર્જરીત ઈમારતનું બહાનું આગળ ધરાતું હોવાનો આક્ષેપ કર્યો છે. પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો સ્થાનિક સંસ્થાઓ સાથે ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

ધારી મામલતદાર દ્વારા ગેરકાયદેસર રેતી ખનન કરતું ટ્રેકટર ઝડપાયું

રેતી ચોરોમાં ફફડાટ, ૩.૨,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે

ધારી,તા.૧૪


ધારી પંથકમાં ગેરકાયદેસર રેતી ખનન કરતા ઈસમો સામે વહીવટી તંત્રે લાલ આંખ કરી છે. ધારી પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ મામલતદારની ટીમ દ્વારા મોડી રાત્રે કાર્યવાહી


તસવીર : સંજય વાળા

હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રેતી ભરેલ એક ટ્રેકટર ઝડપી પાડવામાં આવ્યું હતું.તંત્ર દ્વારા ટ્રેકટર સહિત કુલ ૨,૫૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગેરકાયદેસર ખનન કરતા તત્વો સામે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે તેમ જાણવા મળ્યું છે.તંત્રની આ કડક કામગીરીથી રેતી ચોરી કરતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે. સ્થાનિક લોકોમાં પણ તંત્રની આ કામગીરીની ચર્ચા જોવા મળી રહી છે.

અમરેલીની રાજવી ધડૂક ખેલ મહાકુંભમાં સ્કેટિંગમાં જિલ્લા કક્ષાએ વિજેતા બની

અમરેલી,તા.૧૪



અમરેલીની પ્રતિભાશાળી સ્કેટિંગ ખેલાડી રાજવી ધડૂકએ ખેલ મહાકુંભ-૨૦૨૬ની જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા મેળવી છે. અન્ડર-૧૭ બહેનોની કેટેગરીમાં ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટર રીંક રેસમાં પ્રથમ સ્થાન મેળવી અમરેલીનું ગૌરવ વધાર્યું છે. મહેનત અને રમત પ્રત્યેના સમર્પણથી રાજવીએ આ સિદ્ધિ મેળવી છે. આગામી સમયમાં તે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલીનું પ્રતિનિધિત્વ કરશે. અગાઉ પણ તે રાજ્ય કક્ષાએ ભાગ લઈ ચૂકી છે. સતત બીજા વર્ષે સફળતા મેળવતા પરિવારજનો, રમતપ્રેમીઓ, કોચ સુભમભાઈ અને વિવેકભાઈએ અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ વ્યક્ત કરી છે.

ધારીની દામાણી હાઈસ્કૂલ ખાતે લોકલ ફોર વોકલ સ્વદેશી મેળાનો દબદબાભેર પ્રારંભ

ધારી,તા.૧૪

ધારી નગરપાલિકા દ્વારા જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતે લોકલ ફોર વોકલ સ્વદેશી મેળાનો દબદબાભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારી શહેર અને તાલુકાના સ્થાનિક કારીગરો પોતાના હાથથી બનાવેલી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકે તે માટે નિઃશુલ્ક સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે.



મેળામાં મોટી સંખ્યામાં લોકોએ સ્ટોલ રાખ્યા છે. બાળકો માટે વિવિધ રમતગમતના સાધનો પણ ગોઠવવામાં આવ્યા છે. નવરાત્રીના પાવન દિવસોમાં મેળાની સાથે સુંદર નવરાત્રી મહોત્સવ પણ ઉજવાઈ રહ્યો છે. આ પ્રસંગે નગરપાલિકા ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી, પ્રમુખ જયદીપભાઈ બસીયા, ઉપપ્રમુખ પરેશભાઈ પટણી, તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ જયદીપભાઈ બસીયાએ લોકોને સ્થાનિક વેપારીઓની હસ્તકલા અને કારીગરીથી બનેલી વસ્તુઓની ખરીદી કરી સહકાર આપવા અપીલ કરી હતી.

પાકમાં ઘોડિયા ઈયળ સહિતની જીવાતોના નિયંત્રણ માટે પગલાં લેવા ખેડૂતોને સલાહ

અમરેલી,તા.૧૪

દેવેલાના ઊભા પાકમાં ઘોડિયા ઈયળ, પાન ખાનાર ઈયળ અને ડોડવા કોરી ખાનાર ઈયળના સંકલિત જીવાત વ્યવસ્થાપન માટે વિવિધ પગલાં લેવા ભલામણ કરવામાં આવી છે. ખેડૂતોને ઈયળના ઈંડા અને નાની ઈયળોને પાન સાથે વીણી નાશ કરવા જણાવાયું છે. જીવાતને આકર્ષવા રાત્રે પ્રકાશ પિંજર ગોઠવવા તેમજ વાવણી બાદ પ્રતિ હેક્ટરે ૮થી ૧૦ ફેરોમોન ટ્રેપ ગોઠવી તેની લ્યુર દર ૧૫થી ૨૦ દિવસે બદલવી જોઈએ.ઘોડિયા ઈયળની હાજરી જણાય તો ટ્રાઈકોગ્રામા છોડવા અને બીટી પાવડરનો છંટકાવ કરવો. ઉપદ્રવ વધે તો ભલામણ કરેલી જંતુનાશક દવાનો ઉપયોગ કરવો. પાન ખાનાર અને ડોડવા કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પણ યોગ્ય દવાનો છંટકાવ કરવો. ખેડૂતોને દવાના લેબલ મુજબ જ ઉપયોગ કરવા અને વધુ માર્ગદર્શન માટે સ્થાનિક ખેતી અધિકારીઓનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

બગસરા નાગરિક શરાફી મંડળી દ્વારા સભાસદના વારસદારને બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ

બગસરા,તા.૧૪



બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની બગસરા શાખાના સભાસદ મનસુખભાઈ ચત્રભુજભાઈ ભદ્રેશ્વરાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ હતો. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીઆ, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, જનરલ સેક્રેટરી ડી. જી.મહેતા, શાખા સેક્રેટરી હેમેન્દ્રભાઈ કટેશીયા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક અર્પણ કરવામાં આવેલ હતો.

દામનગરમાં અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલના ત્રણ કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો

દામનગર,તા.૧૪



દામનગરની તાલુકા કલ્યાણ મંડળ સંચાલિત ઝેડ એમ અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ હંસાબેન ભેસાણિયા, શિક્ષક બી.કે. પરમાર અને ક્લાર્ક સેફુદીન માંકડા નિવૃત થતા ગરિમામય વિદાય સમારોહ યોજાયો હતો. આઈ.પી.એસ. હરેકૃષ્ણ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં મંદાકિનીબેન અમરેલી જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા સહિત કેળવણી રત્નો હાજર રહ્યા હતા.

સાવરકુંડલા શહેરમાં વિઠ્ઠલેશ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના બાળકોની રાસ-ગરબાની રમઝટ

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલામાં મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સંચાલિત વિઠ્ઠલેશ પુષ્ટિમાર્ગીય પાઠશાળા દ્વારા નવરાત્રીના પ્રારંભે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વલ્લભકૂળના બાળકોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી વ્રજભૂમિ જેવો માહોલ સર્જ્યો હતો. મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી બાળકોની રાસલીલાને માણી હતી.



પાઠશાળામાં દર રવિવારે સાંજે ૪:૩૦ થી ૬ વાગ્યા સુધી બાળકોને પુષ્ટિમાર્ગ, સનાતન ધર્મ, મંગલાચરણ, યમુનાષ્ટક સહિતના ગ્રંથોનું જ્ઞાન આપવામાં આવે છે. સાથે પ્રવાસ, નાસ્તો, નાટક, નૃત્ય અને ઉત્સવો દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. બાળકોને પુરસ્કાર પ્રસાદી આપી પ્રોત્સાહિત કરાયા હતા.

અવસાન નોંધ

રાજકોટ

સ્વ.અ.સૌ. શારદાગૌરી ઉમેશચંદ્ર જેઠવા (ઉ.વ.૬૦) નું તા.૧૧/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઉમેશચંદ્ર મકનજીભાઈ જેઠવા(દિનેશ વોચ કંપની) ના ધર્મ પત્ની, ગોવિંદભાઈ રણછોડભાઈ બગસરાની પુત્રી, કુમારી નેહા ઉમેશચંદ્ર જેઠવાના માતૃશ્રી, ઉષાગૌરીના દેરાણી, રંજનાબેન(આરએમસી) તથા સોનલબેન અને દિનેશભાઈ તથા કૈલેશભાઈના ભાભી થાય છે. તેમનુ સદ્ગતનુ બેસણુ તા.૧૫/૧૦/૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરે ૪થી ૬ કલાકે પંચનાથ મહાદેવ મંદિર પંચનાથ પ્લોટ રાજકોટ મુકામે રાખેલ છે.

રાજકોટ

સ્વ.રમણીકલાલ દેવચંદભાઈ ખંધેડીયા (ઉ.વ.૭૮) (રાજેરા બુક સ્ટોરવાળા)નું તા.૧૩/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ.દેવચંદભાઈ તથા સ્વ. ઉજમબેન ખંધેડીના પુત્ર, અમિતભાઈ, જસ્મીનભાઈ તથા જાનકીબેન પિતાશ્રી, શાંતિલાલ ઓઘવજીભાઈ ચોલેરાના જમાઈ, નિલેશ્વરીબેન - ભાવિતાબેન પ્રશાંતભાઈના સસરા, જીલ, ક્રિશા, ઓમ, આદિતના દાદા, નવી અને દીપના નાના થાય છે. તેમનુ બેસણુ તા. ૧૫/૧૦/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યે નાગર બોર્ડીંગ-વિરાણી સ્કૂલની સામે રાખેલ છે.

અમરેલી

સ્વ.ચતુરભાઈ દેવશીભાઈ ગજેરા (ઉ.વ.૭૦) નું તા.૧૩/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ અક્ષરનિવાસ થયા છે.

સાવરકુંડલા

ગં.સ્વ.કાંતાબેન દેવજીભાઈ ઢોલરિયાનું તારીખ: ૧૧/૧૦/૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઘનશ્યામભાઈ દેવજીભાઈ ઢોલરિયા, કિશનભાઇ ઘનશ્યામભાઈ ઢોલરિયા, ભરતભાઈ દેવજીભાઈ ઢોલરિયાના માતાશ્રી, થાય છે. તેમનુ સદગતનુ બેસણું તારીખ: ૧૫/૧૦/૨૬ ને ગુરુવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ કલાકે ઝીંઝુડા ગેટ ,પટેલવાડી પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

જયભાઈ ગોપાલભાઈ બોરિસાગર (ઉં.વ.૧૮)નું તારીખ:૧૧/૧૦/૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ગોપાલભાઈ ચંપકભાઈ બોરીસાગરના પુત્ર ,ચંપકભાઈ છબીલભાઈ બોરીસાગરના પોત્ર થાય છે. તેમનુ સદગતનુ બેસણું તારીખ :૧૫/૧૦/૨૬ ને ગુરુવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ દેવળા ગેટ નેસડી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

અલ્પેશભાઈ જીતેન્દ્રભાઈ ગઢીયા (ઉં.વ. ૪૫)નું તારીખ: ૧૩/૧૦/૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જીતેન્દ્રભાઈ ગઢીયા ના પુત્ર ,અજયભાઈ(પપુભાઈ) જીતેન્દ્રભાઈ ગઢીયા,રવિભાઈ જીતેન્દ્રભાઈ ગઢીયાના મોટા ભાઈ,પ્રીતભાઈ અલ્પેશભાઈ ગઢીયાના પિતા શ્રી,વિનોદભાઈ પરશોતમભાઈ ખખરના જમાઈ થાય છે. તેમનુ સદગતનું ઉઠમણું તારીખ : ૧૫/૧૦/૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે સનાતન આશ્રમ જેસર રોડ ખાતે પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ ન.૬૬/૨૬
મુદત તારીખ :૧૭/૧૧/૨૦૨૬

અરજદાર : જીતુભાઈ ધીરુભાઈ ધાપા, ઉ.વ. ૪૫ ધંધોઃ ખેતી/વેપાર
મુ.જેજાદ તા.સાવરકુંડલા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ અધિકારીશ્રી-હરિપર
મુ.હરિપર, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ :- એમ.એન.દવે

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એમ.એન.દવે મારફત અરજદાર જીતુભાઈ ધીરુભાઈ ધાપા,રહે. જેજદા તા.સાવરકુંડલા જી.અમરેલીવાળાએ તેમની પુત્રીની જન્મ તારીખ :૧૧/૦૮/૨૦૦૩ના રોજ હરિપર મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અનેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા : ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવું, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૨ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એસ.જે.મકવાણા) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી (પી.એન.પરમાર) બેન્ચ કલાર્ક
કોર્ટનો સિક્કો
હુકમથી સહી (એ.એસ.દવે.) રજીસ્ટાર જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા


સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં સુવર્ણ પદક મેળવ્યો

અમરેલી,તા.૧૪

નવસારી જિલ્લાના બીલીમોરા ખાતે શાળાકીય અંડર-૧૯ ભાઈઓની રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ - વિધાસભા, અમરેલીની DLSS હેન્ડબોલ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ છે પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધામાં ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી અમરેલીનું રાજ્ય કક્ષાએ



ગૌરવ વધાર્યું છે. ખેલાડીઓમાં બારૈયા રાહુલ ચકાભાઈ, વેગડ અરુણ ગોવિંદભાઈ, સોરઠિયા દુનિલ મેહુલભાઈ, ધાપા સાવન ભરતભાઈ , ગોહિલ પાર્થ વિક્રમભાઈ, ગોહિલ માંડીપ ધર્મેન્દ્રસિંહ, બલધિયા રાહુલ બાબુભાઈ, સોલંકી વિજય ભરતભાઈ, બાંભરોલિયા નૈતિક જગદીશભાઈ, બારૈયા વિશાલ ભોલાભાઈ, કાકડિયા વંશ દિપકભાઈ, ધીલા રાજવીર ઘનશ્યામભાઈએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલીમાં અજમેરા પરિવાર દ્વારા રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન

અમરેલી,તા.૧૪

અમરેલીના અજમેરા સ્કૂલ ખાતે વર્ષ ૨૦૨૬ના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા અંગ્રેજી વિષયના શિક્ષક કેતનકુમાર પ્રવીણચંદ્ર જોશીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. મેનેજિંગ ટ્રસ્ટી રાજુભાઈ કામદાર અને આચાર્ય કંચનબહેન બારૈયાની નિશ્રામાં યોજાયેલા કાર્યક્રમની શરૂઆત



પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ટ્રસ્ટ વતી મોમેન્ટો અને શિલ્ડ અર્પણ કરી કેતનભાઈનું અભિવાદન કરાયું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ડો. ભરતભાઈ કાનાબારે સહિત ઉપસ્થિત મહેમાનોએ શિક્ષણ ક્ષેત્રે તેમની સિદ્ધિને બિરદાવી હતી.દિપકભાઈ વઘાસિયા, ડો. કાલિન્દીબેન પરીખ, ચંદ્રેશભાઈ બોરીસાગર અને વિમલભાઈ મહેતાએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. કેતનભાઈએ ભાવપૂર્ણ પ્રતિભાવ રજૂ કર્યો હતો. રમીલાબેન રાઠોડ અને દિવ્યાબેન કારેટીયાએ સંચાલન કર્યું હતું. સમગ્ર અજમેરા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

અમરેલી જિલ્લામાં ૪ જગ્યાએથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો

જિલ્લામાં વિવિધ સ્થળેથી ૭ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીને રખડતા ઝડપાયા

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં ૪ જગ્યાએથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો હતો. જેમાં જાફરાબાદમાંથી ૧ લીટર, બલાણા ગામેથી ૨ લીટર, રાજુલામાંથી ૩ લીટર તથા જાફરાબાદ મિઠીવાવ પાસેથી ૪ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળેથી ૭ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીને રખડતા-ફરતા ઝડપાયા હતા. જ્યારે અમરેલીમાંથી એક યુવક કેફી પીણું પીને વાહન ચલાવતાં પકડાયો હતો.

દહીંથરા ગામે વાવીયા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને વસ્ત્રદાનનું વિતરણ

દામનગર,તા.૧૪

દામનગર નજીકના દહીંથરા ગામના વતની અને હાલ મુંબઈ સ્થિત છગનભાઈ વિઠ્ઠલભાઈ વાવીયા પરિવાર દ્વારા માદરે વતનમાં દિવાળીના પર્વ નિમિતે સેવાકાર્યો કરવામાં આવ્યા હતા. ગામની પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની બહેનોને ચણિયાચોળી અને વિદ્યાર્થીઓને બ્રાન્ડેડ કપડાંનું વિતરણ



કરાયું હતું. આંગણવાડીના બાળકોને પણ વસ્ત્રદાન સાથે નાસ્તો આપવામાં આવ્યો હતો. સ્વ. જ્યાબેન વાવીયાની પુણ્યસ્મૃતિમાં શાળા પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. વાવીયા પરિવાર છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે વતન દહીંથરામાં પરમાર્થના કાર્યો કરી પુષ્પાંજલિ અર્પણ કરે છે. શિક્ષણપ્રેમી પરિવારની ઉદારતા અને ગ્રામભાવનાની સ્થાનિક અગ્રણીઓએ સરાહના કરી હતી. શાળા પરિવારે પણ દાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. વ્યક્તિ ગમે તેટલી પ્રગતિ કરે, પરંતુ વતન પ્રત્યેનો પ્રેમ ક્યારેય ભુલાતો નથી, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

કોવાયા ગામના પ્રૌઢના મોટરસાયકલ આડે પશુ ઉતરતાં ગંભીર ઈજાથી મોત

રાજુલા,તા.૧૪

હાલ રાજુલાના કોવાયા ગામે રહેતા અને મૂળ ધારીના પ્રેમપરાના વતની પ્રૌઢનું મોટરસાયકલ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં મોત નીપજ્યું હતું. બનાવ અંગે ધારીમાં રહેતા વસીમભાઈ કાદરભાઈ જાડાણી (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, નીંગાળા-૧ ગામના બસ સ્ટેશન પાસેથી કાદરભાઈ કાસમભાઈ જાડાણી (ઉ.વ.૫૭) મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક પશુ આડે આવ્યું હતું.પશુ અચાનક વચ્ચે આવી જતાં મોટરસાયકલ સાઈન બોર્ડ સાથે ભટકાયું હતું. આ અકસ્માતમાં કાદરભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંઝાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સાવરકુંડલાની બહુમુખી પ્રતિભાશાળી દીકરીને બીજો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ એનાયત

સાવરકુંડલા,તા.૧૪

જન્મભૂમિ સાવરકુંડલા અને આણંદને કર્મભૂમિ બનાવનારી બહુમુખી પ્રતિભાશાળી અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેવા માટે સક્રિય ડૉ. કાજલ નિર્મલા ભરત રાવને બીજીવાર ગિનેસ વર્લ્ડ રેકોર્ડ એનાયત થયો છે. તેમને રાષ્ટ્રીય મિશન હર ઘર તિરંગાને વેગ આપવા માટે કરાયેલા સનિષ્ઠ પ્રયત્નોને



બિરદાવવા માટે ગિનેસ વર્લ્ડ રોકોર્ડ મળ્યો છે. ઉન અને અંકોડી દ્વારા ડૉ કાજલ નિર્મલા ભરત રાવ સાથે અન્ય દેશ વિદેશની ૩૩૦ મહિલાઓ જોડાઈ હતી અને તેમણે સાથે મળીને ૪૭,૫૦૦ રાષ્ટ્ર ધ્વજ બનાવ્યા હતા. તેનું પ્રદર્શન વિશાખાપટ્ટનમમાં સાત દિવસ સુધી યોજાયું હતું.

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે માથાકૂટના મનદુઃખમાં ધમકી આપી

બાબરા,તા.૧૪

બાબરાના મોટા દેવળીયા ગામે માથાકૂટના મનદુઃખમાં ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે. રમેશભાઈ ડાહ્યાભાઈ બગડા (ઉ.વ.૪૫) એ સંજયભાઈ રાઘવભાઈ કોચરા, અક્ષયભાઈ રાઘવભાઈ કોચરા, દુધીબેન રાઘવભાઈ કોચરા, વિપુલભાઈ કાનાભાઈ કોચરા તથા મહેશભાઈ કાનાભાઈ કોચરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરા સાહિલભાઈ રમેશભાઈ બગડાને સંજયભાઈ રાઘવભાઈ કોચરા સાથે માથાકૂટ થઈ હતી. જે અંગે સંજયભાઈએ તેમના દીકરા સાહિલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ અવારનવાર અલગ-અલગ સમયે તેમના દીકરા સાહિલને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. આર. ડાબી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરા પંથકમાં પિતાને મારી નાખવાની ધમકી આપી નરાધમે સગીરાને પીંખી નાખી

બાબરા,તા.૧૪

બાબરા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પિતાને મારી નાખવાની ધમકી આપી નરાધમે સગીરાને પીંખી નાખી હતી, તેમજ બીભત્સ ફોટા પાડીને વાયરલ કરવાની ધમકી પણ આપી હતી.આ બનાવ સંદર્ભે દરેડ ગામના કરણ રાજાભાઈ ગરૈયા સામે ફરિયાદ નોંધાઈ હતી. આરોપીએ સગીરા સાથે બળાત્કાર કરવાના ઈરાદાથી તેના ભાઈ તથા પપ્પાને મારી નાખવાની ધમકી આપીને પોતાની મોટરસાયકલ પર બેસાડીને લઈ ગયો હતો. જે બાદ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી તેના બીભત્સ ફોટા પોતાના મોબાઈલમાં પાડી લીધા હતા. આ ફોટા તેના પરિવારના લોકોને બતાવી દેવાની તથા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના પી. આઈ. આર. આર. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બીભત્સ ફોટા પાડીને વાયરલ કરવાની ધમકી પણ આપી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૧૫-૧૦-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૨૧,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા.

દૈનિક રાશિફળ

તા.૧૫-૧૦-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

વૃષભ: આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે.

મિથુન: આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે.

કર્ક: ખૂબ જ શુભ દિવસ છે અને આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

સિંહ: આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો.

કન્યા: આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો.

તુલા: આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે.

ધન: આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

મકર: તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે.

કુંભ: આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે.

મીન: આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે.

અમરેલીના ગજેરા સંકુલ ખાતે જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૧૪

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત અમરેલીના શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સરકારી જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધક ટીમોના પ્રતિનિધિઓ દ્વારા દીપ પ્રાગટ્ય બાદ શરૂ



થયેલી આ સ્પર્ધાના પ્રાચીન ગરબા વિભાગમાં લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજ પ્રથમ, કે.પી. ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજ દ્વિતીય અને શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ધોરણ ૧૨ કોમર્સ તૃતીય ક્રમે રહ્યા હતા. જ્યારે અર્વાચીન ગરબા વિભાગમાં શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ B.Com મહિલા કોલેજે પ્રથમ, અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ BA મહિલા કોલેજે દ્વિતીય તેમજ લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજે તૃતીય ક્રમ મેળવ્યો હતો.

સાવરકુંડલાના જશોનાથ મહાદેવ મંદિરે મહારાજા જશવંતસિંહજીનો ફોટો સ્થાપિત

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલા ના રાજદરબાર ગઢમાં આવેલા ઐતિહાસિક જશોનાથ મહાદેવ મંદિરે ભાવનગર સ્ટેટના મહારાજા જશવંતસિંહજી ભાવસિંહજી રાઓલનો ફોટો સ્થાપિત કરવામાં આવ્યો હતો. વાસુદેવસિંહજીની પ્રેરણા અને અજીતસિંહજી વાજાના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરાયું હતું. ટ્રસ્ટના પ્રમુખ મહાવીરસિંહ ગોહિલે પૂજા-અર્ચના કરી હતી. ભૂદેવ સંજયભાઈ ત્રિવેદીના વરદહસ્તે યોજાયેલા કાર્યક્રમમાં કરણસિંહ જાડેજા, અનિરુદ્ધસિંહ વાજા સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીમાં કિશોરીનું અજાણ્યા ઈસમે અપહરણ કર્યું

અમરેલી,તા.૧૪

અમરેલીમાંથી એક કિશોરીનું અજાણ્યા ઈસમે અપહરણ કર્યું હતું. બનાવ અંગે હરેશભાઈ નનકુભાઈ બોદર (ઉં.વ.૪૪)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. જી. મયાત્રા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચાવંડ ગામેથી સગીરાનું અપહરણ થતા ફરિયાદ

લાઠી, તા.૧૪

લાઠીના ચાવંડ ગામેથી સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સગીરાના પિતાએ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની દીકરીને કોઈ અજાણ્યો આરોપી તેમના રહેણાંક મકાનમાંથી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી. આઈ. કે. કે. પાંડવ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલાના હિંડોરણા ગામે ગટરનું પાણી બહાર નિકળવા બાબતે પુરૂષે મહિલાને માર માર્યો

હવે જો પંચાયત કરશો તો તમને જીવતા નહી રહેવા દઉં તેમ પણ કહ્યું

રાજુલા, તા.૧૪

રાજુલાના હિંડોરણા ગામે 'શેરીમાં ખાળકુવાનું પાણી તો બહાર આવશે જ' કહી મહિલાને માથામાં સ્ટીલની બરણી મારી ઈજા પહોંચાડી હતી. તેમજ 'હવે જો પંચાયત કરશો તો તમને જીવતા નહીં રહેવા દઉં' તેવી ધમકી આપી હતી. બનાવ અંગે ગીતાબેન વાજસુરભાઈ વાઘ (ઉ.વ.૪૬)એ ભગુ ઉર્ફે લાલો રાજુભાઈ ભેંડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની શેરીમાં આરોપીના ઘરમાંથી ખાળકુવાનું પાણી બહાર આવતું હતું, જેથી તેમણે અવારનવાર ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખી, ગીતાબેન ઘરની બહાર પોતાના દીકરાના દીકરા પર્વને રમાડતા હતા ત્યારે આરોપી ત્યાં શેરીમાંથી નીકળ્યો હતો અને તેમની સામે ટોણો માર્યો હતો. ત્યારબાદ થોડીવારમાં આરોપી ફરીથી શેરીમાં પરત આવ્યો હતો અને 'શેરીમાં ખાળકુવાનું પાણી તો બહાર આવશે જ' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી.ઉપરાંત હાથમાં રહેલી સ્ટીલની બરણીથી મોઢાના ભાગે આડેધડ ઘા માર્યા હતા તેમજ બીજા હાથથી ઢોલ-ધપાટ કરી હતી. વચ્ચે પડેલા ગીતાબેનના દીકરા તથા દીકરીને પણ મૂંઢ માર માર્યો હતો. આરોપીએ તેમને કહ્યું હતું કે, 'શેરીમાં ખાળકુવાના પાણી બાબતે હવે જો પંચાયત કરશો તો હું તમને જીવતા નહીં રહેવા દઉં' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એફ. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

તંત્રી લેખ

સાદા ઉપકરણો જ હવે સર્વોત્તમ છે

ઘરની વસ્તુઓ હવે માત્ર વસ્તુઓ નથી રહી, તે બોલે છે, સાંભળે છે અને ઈન્ટરનેટ સાથે જોડાયેલી રહે છે. આપણે ગર્વથી કહીએ છીએ કે અમારું ઘર સ્માર્ટ છે. લાઈટ મોબાઈલથી ચાલુ થાય છે, ફ્રીજ ખુદ કહે છે કે શાકભાજી ખરાબ થવાનું છે, ટીવી આપણો અવાજ ઓળખી લે છે. પણ આ સ્માર્ટનેસની બીજી બાજુ એટલી જ અંધારી છે. યુરોપના કેટલાક દેશોમાં થયેલી તાજેતરની ઘટનાએ આ અંધારી બાજુને અજવાળામાં લાવી દીધી છે. ત્યાં મોટા સ્ટોર્સના ઠંડા રાખવાના યંત્રોને કોઈ અજાણ્યા હેકરે કબજામાં લઈ લીધા. રાતોરાત તેનું તાપમાન એટલું વધારી દેવાયું કે મશીનો ગરમ થઈ ગયા, કેટલીક જગ્યાએ આગના બનાવો બન્યા અને અંદર રાખેલો હજારો કિલો ખોરાક એક જ ઝાટકે બગડી ગયો. આ કોઈ નાની તકનિકી ખામી નહોતી, આ એક વિચારીને કરાયેલો સાયબર હુમલો હતો. અને જો મોટી કંપનીઓના કરોડોના સુરક્ષા તંત્રવાળા ફ્રીઝર હેક થઈ શકતા હોય તો આપણા ઘરના વીસ-ત્રીસ હજારના ફ્રીજની સુરક્ષા કેટલી હશે તે વિચારવા જેવું છે.

આજે આપણા ઘરમાં રહેલું લગભગ દરેક નવું ઉપકરણ એક નાનું કમ્પ્યુટર છે. તેનેઁ એડ્રેસ હોય છે, તે વાઈ-ફાઈ સાથે જોડાયેલું હોય છે અને તે કંપનીના ક્લાઉડ સર્વર સાથે સતત વાત કરતું રહે છે. આ ટેકનોલોજીને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ કહેવામાં આવે છે. સમસ્યા એ છે કે આપણે તેને ઈલેક્ટ્રોનિક વસ્તુ તરીકે જોઈએ છીએ, કમ્પ્યુટર તરીકે નહીં. તેથી આપણે તેને ક્યારેય અપડેટ કરતા નથી, તેનો પાસવર્ડ બદલતા નથી. મોટાભાગના લોકો ફ્રીજ કે ટીવી લાવ્યા પછી જે પાસવર્ડ કંપનીએ આપ્યો હોય તે જ ચાલુ રાખે છે. હેકર માટે આ પાસવર્ડ ઈન્ટરનેટ પર સહેલાઈથી મળી જાય છે. એકવાર તે એક નાના સ્માર્ટ બલ્બમાં ઘૂસી જાય પછી તે ધીમે ધીમે આખા ઘરના નેટવર્કને પોતાના કબજામાં લઈ શકે છે. આને જ નેટવર્ક લેટરલ મૂવમેન્ટ કહેવાય છે.

આપણે ઘરની સુરક્ષા માટે જે વસ્તુઓ લગાવીએ છીએ એ જ સૌથી મોટું જોખમ બની જાય છે. સસ્તા વાઈ-ફાઈ કેમેરા, બેબી મોનિટર અને વિડીયો ડોરબેલ ઘણીવાર કોઈ પણ પ્રકારના એન્ક્રિપ્શન વગર વિડીયો ઈન્ટરનેટ પર મોકલે છે. દુનિયામાં એવી વેબસાઈટ્સ પણ છે જ્યાં હજારો હેક થયેલા ઘરના કેમેરાના લાઈવ ફૂટેજ જોવા મળે છે. સ્માર્ટ ડોરલોક કે જે તમે ફિંગરપ્રિન્ટ કે મોબાઈલથી ખોલો છો તેને પણ હેક કરી શકાય છે. કંપનીઓ આ બધું જાણે છે છતાં તેઓ ઉતાવળમાં પ્રોડક્ટ બહાર પાડે છે. સુરક્ષા ટેસ્ટિંગ પાછળ ખર્ચ કરવાને બદલે તેઓ નવા ફીચર ઉમેરવા પર ધ્યાન આપે છે. બીજી તરફ આપણે ગ્રાહક તરીકે પણ બેદરકાર છીએ. આપણે ક્યારેય યુઝર મેન્યુઅલ વાંચતા નથી, પ્રાઈવસી સેટિંગમાં જઈને માઈક-કેમેરા બંધ કરતા નથી. બચવાનો રસ્તો ઘણો સરળ છે. સૌ પ્રથમ તમારા રાઉટર અને દરેક સ્માર્ટ ગેજેટનો પાસવર્ડ તરત બદલો અને તે મજબૂત રાખો, જેમ કે અક્ષર, નંબર અને ચિહ્નનું મિશ્રણ. બીજું દરેક ઉપકરણનું ફર્મવેર હંમેશા અપડેટેડ રાખો. ત્રીજું બિનજરૂરી સુવિધાઓ જેવી કે રિમોટ એક્સેસ, વોઈસ એક્ટિવેશન જો જરૂર ન હોય તો બંધ કરી દો. ચોથું ઘરના કામના લેપટોપ અને સ્માર્ટ ગેજેટ માટે અલગ વાઈ-ફાઈ નેટવર્ક બનાવો, મોટાભાગના નવા રાઉટરમાં ગેસ્ટ નેટવર્કનો વિકલ્પ હોય છે. પાંચમું કોઈ પણ સ્માર્ટ વસ્તુ ખરીદતા પહેલા તે બ્રાન્ડ કેટલા સમય સુધી સિક્યુરિટી અપડેટ આપે છે તે તપાસો. ટેકનોલોજી આપણી નોકર છે, માલિક નથી. તેનો ઉપયોગ સમજદારીથી કરીશું તો જ આપણું સ્માર્ટ ઘર ખરેખર સુરક્ષિત ઘર બનશે, નહીતર ફ્રાન્સની જેમ આપણા ઘરનો ફ્રીજ પણ એક દિવસ આપણી સામે જ બળવો કરી શકે છે.

મા કાત્યાયનીની આરાધનાનું આધ્યાત્મિક મહત્ત્વ

આજના સમયમાં જ્યારે જીવનની ગતિ ઝડપી બની છે, માનવીની અપેક્ષાઓ વધી છે અને સંબંધો તથા જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું છે, ત્યારે મા કાત્યાયનીનો સંદેશ વધુ પ્રસ્તુત બને છે. આ દિવસ આપણને સમજાવે છે કે જીવનમાં મુશ્કેલીઓથી ભાગવાને બદલે તેમનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ. મનમાં શ્રધ્ધા, વિચારોમાં સ્પષ્ટતા અને કર્મમાં નિષ્ઠા હોય, તો માનવી અનેક પડકારો વચ્ચે પણ પોતાનો માર્ગ શોધી શકે છે.

ભારતીય સંસ્કૃતિમાં નવરાત્રીને શક્તિની આરાધનાનો મહાપર્વ માનવામાં આવે છે. નવ દિવસ સુધી દેવીનાં વિવિધ સ્વરૂપોની પૂજા કરીને ભક્તો જીવનમાં સારા ગુણોનો વિકાસ કરવાની પ્રેરણા મેળવે છે. આ પરંપરા આપણને યાદ અપાવે છે કે શક્તિનું સ્થાન માત્ર બાહ્ય જગતમાં જ નથી, પરંતુ દરેક માનવીના અંતરમાં પણ રહેલું છે. કોઈમાં મુશ્કેલી સામે લડવાની હિંમત હોય છે, કોઈમાં બીજાનું દુઃખ સમજવાની સંવેદના હોય છે, તો કોઈમાં નિષ્ફળતા પછી ફરીથી ઊભા થવાની ક્ષમતા હોય છે. આ તમામ ગુણો માનવીની આંતરિક શક્તિના જુદા જુદા સ્વરૂપો છે. છઠ્ઠી નવરાત્રી આ શક્તિને ઓળખવા અને તેનો સદુપયોગ કરવા માટે પ્રેરણા આપે છે.

પૌરાણિક કથાઓમાં મા કાત્યાયનીનું પ્રાગટ્ય ઋષિ કાત્યાયનની તપસ્યા સાથે જોડાયેલું છે. માન્યતા અનુસાર ઋષિની આરાધનાથી પ્રસન્ન થઈને દેવી તેમના ઘરે પુત્રીરૂપે પ્રગટ થયાં હતાં. તેથી તેમનું નામ કાત્યાયની પડ્યું. દેવીની શક્તિનો સંબંધ મહિષાસુર જેવા દુષ્ટ બળોના સંહારની કથાઓ સાથે પણ જોડાય છે. આ કથાઓમાં રહેલો સંદેશ માત્ર યુ કે વિજય પૂરતો મર્યાદિત નથી. તેનો ગહન અર્થ એ છે કે જ્યારે અહંકાર, અન્યાય અને અધર્મનું પ્રભુત્વ વધે છે, ત્યારે સત્ય અને ધર્મની સ્થાપના માટે શક્તિનો જાગૃત ઉપયોગ જરૂરી બને છે. જીવનમાં પણ દુર્ગુણો સામે લડવાની શરૂઆત પોતાની અંદરથી જ કરવી પડે છે.

મા કાત્યાયનીનું સ્વરૂપ અત્યંત પ્રેરણાદાયક છે. તેમને સામાન્ય રીતે સિંહ પર સવાર અને ચાર ભુજાઓ ધરાવતાં સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે. તેમના હાથમાં રહેલાં વિવિધ આયુધો દુષ્ટતાનો સામનો કરવાની તૈયારી દર્શાવે છે, જ્યારે કમળ પવિત્રતા અને નિર્મળતાનું પ્રતીક છે. સિંહ હિંમત અને સાહસનો સંદેશ આપે છે. આ પ્રતીકો આપણને શીખવે છે કે જીવનમાં શક્તિશાળી બનવું એટલું જ પૂરતું નથી; શક્તિનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો તેની સમજ પણ જરૂરી છે. વિવેક વિનાનું બળ નુકસાન પહોંચાડી શકે છે, જ્યારે સમજદારીથી વપરાયેલી શક્તિ અન્યાયને અટકાવી શકે છે અને નબળા લોકોનું રક્ષણ કરી શકે છે.

છઠ્ઠા દિવસે ભક્તો માતાજીને ફૂલ, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરીને પૂજા કરે છે. મંત્રજાપ, આરતી અને પ્રાર્થના દ્વારા તેઓ મનની શાંતિ તથા જીવનમાં સુખસમૃદ્ધિ માટે આશીર્વાદ માગે છે. ધાર્મિક વિધિઓ વ્યક્તિને શ્રધ્ધા અને શિસ્ત સાથે જોડે છે. તેમ છતાં, ભક્તિનું સાચું મૂલ્ય ત્યારે પ્રગટ થાય છે, જ્યારે તે માનવીના વિચારો અને



આચરણમાં પરિવર્તન લાવે છે. જો પૂજા કર્યા પછી પણ આપણે બીજાની નિંદા કરીએ, અન્યાય કરીએ અથવા પોતાના સ્વાર્થ માટે બીજાને દુઃખ પહોંચાડીએ, તો ઉપાસનાનો હેતુ અધૂરો રહી જાય છે. માતાજી પ્રત્યેની સાચી શ્રધ્ધા સત્ય, દયા અને જવાબદારીના માર્ગે ચાલવામાં દેખાય છે.

આજના જીવનમાં આત્મવિશ્વાસનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. દરેક વ્યક્તિને કોઈ ને કોઈ તબક્કે નિષ્ફળતા, નિરાશા કે અનિશ્ચિતતાનો સામનો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

કરવો પડે છે. કોઈ યુવાનને યોગ્ય નોકરી મળતી નથી, કોઈ વિદ્યાર્થી પરીક્ષાના પરિણામથી દુઃખી થાય છે, તો કોઈ પરિવાર આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. આવી પરિસ્થિતિમાં મનોબળ જાળવવું સહેલું નથી. મા કાત્યાયનીનું સ્વરૂપ આપણને યાદ અપાવે છે કે સંજોગો સામે ઝૂકી જવાને બદલે તેમની સામે સમજદારીથી લડવું જોઈએ. નિષ્ફળતા અંતિમ નિર્ણય નથી; તે પોતાની ભૂલો ઓળખીને વધુ સારી તૈયારી કરવાની તક બની શકે છે. આત્મવિશ્વાસનો સાચો અર્થ પોતાની મર્યાદાઓને સ્વીકારીને પણ આગળ વધવાની હિંમત રાખવી છે.


મા કાત્યાયનીનું સ્વરૂપ નારીશક્તિની ગરિમા અને આત્મસન્માનને પણ ઉજાગર કરે છે. ભારતીય પરંપરામાં દેવીને શક્તિના સર્વોચ્ચ પ્રતીક તરીકે પૂજવામાં આવે છે. આ ભાવનાને વાસ્તવિક જીવનમાં ઉતારવા માટે દીકરીઓને શિક્ષણ, સુરક્ષા અને સમાન તક આપવી જરૂરી છે. મહિલાઓની પ્રતિભા અને નિર્ણયશક્તિનું સન્માન થાય, તેમને પોતાની ક્ષમતા પ્રમાણે આગળ વધવાની તક મળે અને તેમના અધિકારોનું રક્ષણ થાય, તો સમાજ વધુ સમૃધ્ધ બને છે. સ્ત્રી પ્રત્યેનો આદર માત્ર તહેવારો કે ધાર્મિક વિધિઓ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ રોજિંદા જીવનમાં પણ જોવા મળવો જોઈએ. ઘરમાં દીકરીના વિચારોને મહત્ત્વ આપવું અને મહિલાઓ સાથે સન્માનપૂર્વક વર્તવું એ જ શક્તિની આરાધનાની સાચી અભિવ્યક્તિ છે.

નવરાત્રી ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં આનંદનું વિશેષ સ્થાન ધરાવે છે. ગરબા અને રાસ દ્વારા લોકો માતાજીની ભક્તિ વ્યક્ત કરે છે અને સામૂહિક એકતાનો અનુભવ કરે છે. સંગીત, તાલ અને નૃત્યની આ પરંપરા પેઢી દર પેઢી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખે છે. નવરાત્રીના મંડપમાં લોકો એકસાથે જોડાય છે, ત્યારે સામાજિક ભેદભાવથી ઉપર ઊઠીને આનંદ માણવાની તક મળે છે. આ આનંદ સાથે જવાબદારી પણ જોડાયેલી છે. કાર્યક્રમોમાં સ્વચ્છતા જાળવવી, પાણીનો બગાડ અટકાવવો, અવાજનું યોગ્ય નિયંત્રણ રાખવું અને મહિલાઓ તથા બાળકોની સુરક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. ઉત્સવની સાચી સફળતા માત્ર ભીડ કે ભવ્યતામાં નહીં, પરંતુ સૌની ખુશી અને સલામતીમાં રહેલી છે.

છઠ્ઠી નવરાત્રી આપણને માનવસેવાનું મહત્ત્વ પણ સમજાવે છે. સમાજમાં એવા અનેક લોકો છે, જેમને શિક્ષણ, આરોગ્ય, રોજગાર કે જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે સહાયની જરૂર હોય છે.તહેવારના દિવસોમાં આપણે જરૂરિયાતમંદોને ભોજન આપીએ, ગરીબ બાળકોને પુસ્તકો આપીએ, વૃધ્ધોની સંભાળ રાખીએ અથવા કોઈ નિરાશ વ્યક્તિને હિંમત આપીએ, તો આ કાર્ય ભક્તિને માનવતા સાથે જોડે છે. સેવા માટે હંમેશાં મોટી સંપત્તિ જરૂરી નથી. કોઈને પ્રેમથી સાંભળવું, મુશ્કેલીમાં સાથ આપવો કે યોગ્ય માર્ગદર્શન આપવું પણ મહત્ત્વપૂર્ણ સેવા છે. સમાજમાં સહકાર અને સંવેદનશીલતા વધે, તો અનેક સમસ્યાઓનું ભારણ હળવું થઈ શકે છે.

આ દિવસનો એક બીજો સંદેશ પોતાના જીવનમાં સંયમ અને શિસ્ત કેળવવાનો છે. ઉપવાસ કરવો કે ધાર્મિક નિયમો પાળવા એ વ્યક્તિની શ્રધ્ધા અને ક્ષમતા પર આધારિત છે. પરંતુ તેની સાથે વાણી પર નિયંત્રણ, ગુસ્સામાં ઘટાડો, સમયનો સદુપયોગ અને ખરાબ ટેવોથી દૂર રહેવાનો પ્રયત્ન પણ કરી શકાય છે. કોઈ વ્યક્તિ પોતાના સ્વભાવમાં રહેલી એક નબળાઈ ઓળખીને તેને સુધારવાનો સંકલ્પ કરે, તો તે પણ એક પ્રકારની સાધના છે. ઉપવાસ કરતી વખતે આરોગ્યની કાળજી રાખવી જરૂરી છે. ધર્મનું પાલન શરીર અને મનને સંતુલિત રાખવામાં મદદરૂપ બને, તે જ વધુ યોગ્ય છે. છઠ્ઠી નવરાત્રીનો અંતિમ સંદેશ જીવનને સારા કર્મોથી ઉજ્જવળ બનાવવાનો છે. મા કાત્યાયનીની પૂજા કરતાં આપણે પોતાના અંતરમાં રહેલા સાહસને જાગૃત કરીએ અને તેને સમાજના હિતમાં વાપરવાનો સંકલ્પ લઈએ. પરિવાર પ્રત્યે પ્રેમ, કાર્ય પ્રત્યે નિષ્ઠા, સમાજ પ્રત્યે જવાબદારી અને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા જાળવીએ. જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે ધીરજ રાખીએ, સફળતા મળે ત્યારે વિનમ્ર રહીએ અને શક્તિ મળે ત્યારે બીજાને સહારો આપીએ. માતાજીની આરાધના માત્ર એક દિવસની ધાર્મિક વિધિ ન બની રહે, પરંતુ આપણા રોજિંદા જીવનમાં સદાચાર અને માનવતાના રૂપે પ્રગટ થાય, તો છઠ્ઠી નવરાત્રીની ઉજવણી સાચા અર્થમાં સફળ બને છે.

શબ્દ સંજોગ-૨૨૮૦



આડી ચાવી :
(૧) ભારતનો ડુંગરાળ રાજય (૪)
(૪) અમીર, ઉમરાવ (૪)
(૮) લાડ, લાલન (૩)
(૯) જેની આરપાર દેખાય એવુ (૫)
(૧૦) ....તે સૌને ગમે (૨)
(૧૧) પાણી ઉંચે ચડાવવાનુ એક યંત્ર (૩)
(૧૨) જીભૂ બોલવાની ટેવવાળુ (૩)
(૧૪) ચાલવામાં પગનુ વસ્તુ સાથે ટિચાવુ તે (૩)
(૧૭) નાતનું (૩)
(૧૮) માલનો ઉપાડ, ખપત (૨)
(૨૦) વખત, વારી (અ) (૨)
(૨૧) ફાટવાનો અવાજ (૪)
(૨૩) તડામાર, ઝડી (૪)
(૨૫) તીર મારવામાં કુશળ, નિશાનબાજ (૪)
(૨૭) દેખાવ, દર્શન (૩)
(૨૮) કલ્પના, ભાસ (૨)
(૨૯) લાખની સંખ્યા (૨)

ઉભી ચાવી :
(૧) એકત્ર થવુ તે (૩)
(૨) પંચાત, ધમાલ (૪)
(૩) નસીબ(અં) (૨)
(૪) અડીને, પાસે (૩)
(૫) બાતલ કરેલુ (૨)
(૬) પ્રત્યક્ષ પુરાવો (૪)
(૭) મહેસૂલ,, જકાત(અ) (૨)
(૯) ઉપકાર, આભાર (૨)
(૧૧) અસ્તોદય, વધતુ (૬)
(૧૩) બાનામાં આપેલા પૈસાનુ ખત (૪)
(૧૪) ઘઉં, તુવેરના બાફેલા આખા દાણા (૨)
(૧૫) ઉતાવળનો ગભરાટ (૪)
(૧૬) કિંમત, મહત્વ (૩)
(૧૯) દેવદેવી પ્રસન્ન થઈ આશા પુરી પાડવા આપેલુ વચન (૪)
(૨૦) ઘોડાને મળતુ એક જંગલી પશુ (૨)
(૨૨) મોટો અંગરખો કે કોટ (૩)
(૨૪) મારુ (૨)
(૨૬) સુંદર સ્ત્રી (૨)

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૭૫	૨૦૨૧
ઘઉં લોકવન	૫૬૦	૬૪૧
ઘઉં ટુકડા	૫૬૩	૬૮૪
જુવાર સફેદ	૧૩૪૦	૧૫૨૬
જુવાર લાલ	૧૨૭૫	૧૩૫૦
બાજરી	૪૦૦	૪૬૮
મકાઇ	૩૯૩	૩૯૩
તુવેર	૧૪૦૦	૨૦૨૭
ચણા પીળા	૧૨૨૦	૧૫૬૦
ચણા સફેદ	૧૫૭૦	૨૫૧૦
અડદ	૧૪૮૦	૨૦૭૬
મગ	૧૩૭૫	૧૭૭૧
વાલ દેશી	૩૮૫	૧૬૧૭
ચોળી	૧૦૩૦	૨૦૭૫
વટાણા	૮૦૦	૧૧૫૧
રાજમા	૧૮૬૦	૨૨૫૫
સીંગદાણા	૧૭૫૦	૧૮૮૦
મગફળી જાડી	૧૨૦૫	૧૬૮૦
મગફળી જીણી	૧૨૨૫	૧૭૮૫
તલી	૨૨૯૦	૩૨૧૬
સૂરજમુખી	૧૦૦૦	૧૦૦૦
એરંડા	૧૩૦૦	૧૫૫૫
અજમો	૨૨૦૦	૩૨૫૦
સુવા	૧૬૦૦	૧૮૮૦
સોયાબીન	૧૧૫૦	૧૪૪૪
સીંગફાડા	૧૪૯૦	૧૬૪૫
કાળા તલ	૨૫૫૦	૩૯૧૦
લસણ	૧૧૪૧	૨૩૦૦
ધાણા	૨૭૫૦	૩૦૩૫
ધાણી	૨૮૦૦	૩૧૫૩
વરીયાળી	૧૮૦૦	૨૫૦૦
જીરૂ	૪૪૨૦	૫૦૮૦
રાય	૧૪૦૦	૧૯૭૬
મેથી	૯૨૫	૧૮૨૧
અજમોદો	૧૪૮૯	૧૪૮૯
કલોંજી	૪૨૨૦	૪૯૫૦
રાયડો	૧૧૦૦	૧૬૫૪
રજકાનું બી	૭૦૦૦	૯૫૫૦
ગુવારનું બી	૧૩૫૦	૧૪૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૯૭૨	૩૯૮૫
પપૈયા	૧૩૭	૩૪૫
બટેટા	૯૮	૩૧૧
ડુંગળી સુકી	૨૯૧	૭૦૫
ટમેટા	૨૫૪	૪૯૬
સુરણ	૪૮૮	૬૯૧
કોથમરી	૪૧૧	૮૨૨
મૂળા	૨૭૨	૪૬૫
રીંગણા	૩૧૭	૬૨૧
કોબીજ	૯૧	૧૭૯
ફ્લાવર	૨૨૧	૩૮૭
ભીંડો	૫૯૨	૭૮૬
ગુવાર	૯૬૮	૧૫૧૪
ચોળાસીંગ	૫૮૩	૯૯૨
વાલોળ	૬૧૩	૧૦૨૨

ટીંડોળા	૩૦૭	૬૯૦
દુધી	૧૨૮	૨૭૯
કારેલા	૪૧૩	૬૦૨
સરગવો	૭૭૪	૧૪૨૬
તુરીયા	૬૧૫	૮૧૨
પરવર	૬૧૭	૮૪૨
કાકડી	૩૭૪	૮૫૬
ગાજર	૩૦૮	૪૯૨
વટાણા	૨૬૩૧	૩૨૨૫
તુવેરસીંગ	૬૧૩	૮૭૪
કંટોળા	૧૦૩૫	૧૪૨૮
ગલકા	૩૧૭	૫૯૮
બીટ	૩૫૨	૫૫૭
મેથી	૧૬૩૨	૧૮૨૫
વાલ	૭૨૯	૧૨૧૩
ડુંગળી લીલી	૨૪૪	૪૫૧
આદુ	૧૨૫૪	૨૯૮૬
મરચા લીલા	૧૫૮	૬૧૮
હળદર લીલી	૬૦૩	૭૯૨
લસણ લીલું	૧૫૬૬	૨૪૯૩
મગફળી લીલી	૬૧૯	૮૮૫
મકાઇ લીલી	૧૪૪	૨૯૩

ગોંડલ

કપાસ	૧૬૦૧	૧૯૫૬
ઘઉં લોકવન	૫૫૮	૫૭૪
ઘઉં ટુકડા	૫૩૦	૭૧૮
સિંગદાણા જાડા	૧૩૨૧	૧૮૮૧
સિંગ ફાડીયા	૧૨૦૦	૧૮૮૧
એરંડા/એરંડી	૧૩૨૧	૧૬૧૧
જીરૂ	૨૯૦૧	૫૨૪૧
ક્લંજી	૨૫૦૦	૪૯૫૧
ઘાણા	૨૯૪૧	૩૨૩૧
ડુંગળી લાલ	૧૭૧	૧૧૫૧
અડદ	૧૦૦૦	૧૯૯૧
તુવેર	૮૭૬	૨૦૪૧
રાયડો	૧૩૦૧	૧૫૬૧
રાય	૧૪૮૧	૧૮૧૧
મેથી	૧૧૦૧	૧૬૫૧
કાંગ	૪૯૧	૪૯૧
ઇસબગુલ	૧૨૦૦	૨૧૯૧
ધાણી	૨૮૫૧	૩૨૦૧
બાજરો	૪૬૧	૪૭૧
જુવાર	૬૦૦	૧૧૦૧
મગ	૯૭૬	૧૯૬૧
વાલ	૮૫૧	૧૪૧૧
ચોળા / ચોળી	૫૫૧	૧૦૦૦
સોયાબીન	૧૧૭૬	૧૫૦૧
ગોગળી	૭૦૦	૧૪૯૧
વટાણા	૫૦૦	૯૯૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૬૦૦
મરચા	૧૦૦	૮૦૦
ગુવાર	૨૦૦	૧૬૦૦
કોબી	૬૦	૧૪૦
દુધી	૧૬૦	૪૦૦
ફ્લાવર	૪૦	૫૦૦

કાકડી	૧૬૦	૧૨૦૦
રીંગણા	૧૮૦	૮૦૦
ભીંડો	૨૦૦	૧૨૦૦
ગલકા	૨૦૦	૭૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૨૦૦	૮૦૦
તુવેર	૮૦૦	૧૨૦૦
વાલ	૨૦૦	૧૪૦૦
વટાણા	૨૪૦૦	૩૨૦૦
કેરી કાચી	૨૪૦૦	૩૦૦૦
બટેટા	૧૫૦	૨૭૦
લીલી હળદર	૪૮૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૦
તાંજરીયા પુરા	૩	૫
કોથમીર પુરા	૧	૪
મૂળા પુરા	૫	૧૦
ફોદીનો પુરા	૫	૭
પચકારુ	૨૦૦	૩૦૦
પરવર	૨૦૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૧૦૦૦
લીંબુ	૨૦૦	૩૦૦૦
મેથી પુરા	૨	૨૨
બીટ પુરા	૫	૧૦
સરગવો પુરા	૧૦	૨૦
ચોરા	૨૦૦	૧૦૦૦
કારેલા	૧૬૦	૭૦૦
વાલોર	૨૦૦	૧૪૦૦
મગફળી લીલી	૬૦૦	૮૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૨૦૦	૧૬૦૦
કુણશી	૧૦૦૦	૧૬૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૩	૧૦
પાલક પુરા	૩	૯

અમરેલી

શિંગ ગીરનાર	૧૧૦૦	૧૫૮૦
શિંગ મોટી	૧૧૦૦	૧૫૮૦
શિંગદાણા ફાડા	૧૬૦૦	૧૯૦૦
તલ સફેદ	૧૭૨૦	૩૪૬૦
તલ કાળા	૨૨૦૦	૪૩૦૫
તલ કાશમીરી	૨૩૦૦	૨૮૫૦
ઘઉં ટુકડા	૪૫૫	૬૭૫
ઘઉં લોકવન	૫૪૦	૫૯૦
અડદ	૧૦૦૦	૨૧૦૫
ચણા	૧૦૦૦	૧૫૭૦
સફેદ ચણા	૧૦૦૦	૧૪૧૦
વટાણા	૫૦૦	૫૦૦
તુવેર	૮૦૦	૧૯૯૦
કપાસ	૯૨૫	૨૦૧૫
એરંડા	૧૧૦૦	૧૫૭૦
જીરૂ	૨૦૦૦	૪૯૨૫
રાયડો	૧૬૪૫	૧૬૪૫
રાય	૧૭૫૫	૧૮૨૫
ધાણી	૨૫૦૦	૨૯૮૫
અજમા	૨૪૦૦	૩૦૫૦
મેથી	૧૨૦૦	૧૨૮૦

સોયાબીન	૧૦૦૦	૧૪૧૫
છોલે ચણા	૧૮૩૫	૨૨૩૦
ચણા દેશી	૧૫૫૫	૧૫૫૫
સફેદ ચણા	૧૦૦૦	૧૪૧૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૨૦૦	૩૦૦
રીંગણા	૬૦૦	૧૦૦૦
ફ્લાવર	૨૨૦	૩૩૦
કોબીજ	૧૬૦	૨૦૦
શકકરીયા	૮૦૦	૧૦૦૦
ટમેટાં	૪૫૦	૫૬૦
સુરણ	૯૫૦	૧૦૦૦
ગાજર	૪૩૦	૫૬૦
દુધી	૩૦૦	૪૦૦
કારેલા	૫૨૦	૬૭૦
ગલકા	૫૦૦	૬૦૦
મૂળા	૧૬૦	૨૧૦
કાકડી	૪૨૦	૬૦૦
ગુવાર	૧૦૦૦	૧૪૦૦
વાલોળ	૧૦૦૦	૧૨૦૦
વટાણા	૨૯૦૦	૩૦૦૦
તુરીયા	૭૦૦	૮૦૦
વાલ	૯૩૦	૧૦૩૦
ભીંડો	૮૧૦	૯૦૦
આદુ	૧૨૨૦	૧૨૮૦
કોથમીર	૪૦૦	૭૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફોદીનો	૧૦૦૦	૧૨૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૬૩૦	૭૨૦
સરગવો	૧૨૦૦	૧૪૫૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચાં લીલાં	૫૦૦	૮૦૦
મરચાં લાલ	૩૦૦	૭૦૦
ડુંગળી લીલી	૩૨૦	૪૧૦
ડુંગળી સુકી	૬૫૦	૮૧૦
લસણ લીલું	૧૫૨	૨૦૫૦
લસણ સુકું	૧૫૦૦	૨૩૦૦
પાલક	૬૨૦	૭૩૦
લીંબુ	૨૦૦૦	૩૦૦૦
મકાઇ	૨૪૦	૩૫૦
લીલીતુવેર	૧૨૦૦	૧૪૦૦
ચીભડા	૪૦૦	૭૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૦૦	૧૫૨૧
શીંગ મોટી	૧૩૨૦	૧૫૮૫
તલ સફેદ	૨૫૦૦	૩૨૪૦
તલ કાળા	૩૨૦૦	૩૮૦૧
જીરૂ	૪૫૦૦	૪૯૨૫
કપાસ	૧૮૭૫	૨૦૦૧
એરંડા	૧૧૦૦	૧૫૭૦
ઘઉં લોકવન	૫૦૦	૫૭૦
ઘઉં ટુકડા	૫૩૦	૬૧૦
બાજરો	૪૦૦	૫૩૦
જુવાર	૧૧૦૦	૧૪૫૦
ચણા	૧૨૫૦	૧૫૫૦
તુવેર	૧૩૦૦	૨૦૦૦

ધાણા	૨૦૦૦	૨૯૫૦
સોયાબીન	૧૨૦૦	૧૪૫૦

ધારી

કપાસ	૧૮૩૦	૨૦૩૧
મગફળી	૧૧૦૦	૧૫૧૫
તુવેર	૧૮૪૦	૧૮૪૦

રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટ આયોજિત નવરાત્રી મહોત્સવમાં ચારેય ઝોનમાં હાઈટેક સુવિધા વચ્ચે ગરબે ઘૂમતા ખેલૈયા

નોર્થ, વેસ્ટ, ઈસ્ટ અને સાઉથ ઝોનમાં સુરક્ષિત અને પારિવારિક માહોલ વચ્ચે મા ખોડલની ભવ્ય આરાધના

રાજકોટ,તા.૧૪



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ રાજકોટ શહેરના નોર્થ, વેસ્ટ, ઈસ્ટ અને સાઉથ એમ ચારેય ઝોનમાં પારિવારિક અને સુરક્ષિત માહોલમાં ભવ્ય નવરાત્રિ મહોત્સવનું સુંદર આયોજન કરાયું છે. ચારેય ગ્રાઉન્ડ્સ પર દરરોજ હજારો ખેલૈયાઓ અને દર્શકો ઉમટી પડતાં શહેર ભક્તિ અને સંસ્કૃતિના રંગે રંગાયું છે.

પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ તમામ વયના ખેલૈયાઓ હાથમાં ધ્વજ સાથે મા ખોડલની પ્રતિમા સમક્ષ ગરબે ઘૂમી રહ્યા છે. ખેલૈયાઓ માટે હાઈ-ટેક સાઉન્ડ, આકર્ષક લાઈટિંગ, સ્મોક તથા સ્પેશિયલ કન્ફેટી ઈફેક્ટ્સ અને ડ્રોન કેમેરાથી લાઈવ કવરેજ જેવી અદ્યતન વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. આ સાથે સીસીટીવી, બાઉન્સર્સ, તબીબી સેવા અને પાર્કિંગ સહિતની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાઈ છે.

ભાવનગરના રંગોલી રિસોર્ટમાં નવરાત્રીમાં વિધર્મીઓની હાજરી મુદ્દે હિન્દુ સંગઠનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

ભાવનગર, તા.૧૪



ભાવનગરના વરતેજ સ્થિત રંગોલી રિસોર્ટમાં નવરાત્રિના આયોજન દરમિયાન વિધર્મીઓની હાજરીના મુદ્દે હોબાળો થયો હતો. આ મામલે હિંદુ સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ, ૨૦૦થી વધુ કાર્યકરો આયોજન સ્થળે પહોંચતાં તણાવપુર્ણ સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન વિરોધ કરી રહેલા કાર્યકરો અને સુરક્ષા માટે તહેનાત બાઉન્સરો વચ્ચે ધક્કામુક્કીના દ્રશ્યો જોવા મળ્યા હતા, જેના પગલે વાતાવરણ ગરમાયું હતું. ઘટનાની જાણ થતાં નવરાત્રીના આયોજક અનિરુધ્ધસિંહ ગોહિલ પણ સ્થળે પહોંચ્યા હતા. આ દરમિયાન હિંદુ સંગઠનોના કાર્યકરો અને આયોજક વચ્ચે શાબ્દિક ગરમાગરમી થઈ હતી. પરિસ્થિતિ તંગ બનતાં પોલીસનો કાફલો પણ સક્રિય થયો હતો. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન હિંદુ સંગઠનોના ૩૫ જેટલા કાર્યકરોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. નવરાત્રીના આયોજન દરમિયાન સર્જાયેલા આ હોબાળાને પગલે વિસ્તારમાં ચર્ચા જાગી છે.

ધોરાજી શહેરમાં યમુના મહારાણી નવ વિલાસના તૃતીય દિવસે ભવ્ય રાસોત્સવ

ધોરાજી,તા.૧૪



ધોરાજી ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે લેઉવા પટેલ સમાજ ખાતે યોજાઈ રહેલા યમુના મહારાણી નવ વિલાસના તૃતીય દિવસે બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. યમુના મહારાણીની આરતી સાથે ભવ્ય રાસ ગરબા રમ્યા હતા. આ પ્રસંગે કેશોદ સ્થિત હવેલીથી ૧૦૫ મુરલીધર બાવાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને આશીર્વચન પાઠવ્યા હતા. સંસ્થાના પી.સી. ગુંદણીયા, પલ્લવીબેન પટેલ, પ્રમોદભાઈ રાખોલીયા, પ્રવિણભાઈ સહિતના કાર્યકરો દ્વારા ભક્તિમય રાસોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજુલાની નિઃશુલ્ક હોસ્પિટલને સેવાભાવિ દાતાઓ તરફથી રૂ. ૨૮ લાખનું દાન મળ્યુ

રાજુલા,તા.૧૪



રાજુલામાં જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક આરોગ્યસેવા આપતી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલને સેવાભાવી દાતાઓ તરફથી કુલ ૨૮ લાખ રૂપિયાનું દાન મળ્યું છે. માતુશ્રી ઉર્મિલાબેન નાનુભાઈ મજીઠીયા પરિવાર, ઉર્મિન ગ્રુપ અને ઉર્મિન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા સીએસઆર ફંડમાંથી હોસ્પિટલના ભોજનાલય માટે ૨૧ લાખ રૂપિયાનો ચેક અર્પણ કરાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી પી.કે. લહેરી, બીપીનભાઈ લહેરી અને ડો. કમલેશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. બીજી તરફ ઝેનીથ હેલ્થકેર લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મહેન્દ્રભાઈ ચત્રભુજભાઈ રાયચાએ આધુનિક લેબોરેટરી મશીન માટે સાત લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ મશીનથી ૮૪ પ્રકારના ટેસ્ટની સુવિધા ઉભી કરવાનો હેતુ છે. દાતાઓના સહયોગથી દર્દીઓને હોસ્પિટલમાં જ તપાસ અને ભોજનની સુવિધા વધુ સારી રીતે મળી રહેશે.

અમરેલીમાં ૧૬ ઓક્ટોબરે રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી,તા.૧૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આઈ.ટી.આઈ. અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ ઓક્ટોબર, શુક્રવારે સવારે ૧૧ કલાકે આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતીમેળો યોજાશે. એલ. આઈ.સી., એચ.ડી.એફ.સી. લાઈફ અને ટોયોટા-એન. ટી.ટી.એફ. કંપનીમાં વિવિધ જગ્યાઓ માટે પસંદગી કરાશે. ધોરણ ૧૦, ૧૨, સ્નાતક, આઈ.ટી.આઈ. તથા ડિપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ટોયોટામાં તાલીમાર્થીને માસિક રૂ. ૧૩,૦૩૯ સ્ટાઈપેન્ડ અને રૂ. ૬૦૦ બોનસ મળશે. ઉમેદવારોએ બાયોડેટા, પ્રમાણપત્રો, આધારકાર્ડ અને ફોટા સાથે હાજર રહેવું. દિવ્યાંગો માટે જગ્યાઓ નથી. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો.

કચ્છના જુના કટારીયા ગામની સીમમાંથી વિદેશી દારૂ સહિત રૂા. ૬૩.૪૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો

ભુજ,તા.૧૪



કચ્છના જૂના કટારીયા ગામની સીમમાંથી સરહદી રેન્જની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ કેટા કાર, એક ટ્રેક્ટર અને વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૬૩ લાખ ૪૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. બોર્ડર રેન્જના આઈજી ચીરાગ કોરાડીયાની સૂચના અને પીએસઆઈ એ.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સરહદી રેન્જ તથા લાકડિયા પોલીસની ટીમ જૂના કટારીયા ગામની સીમ પાસે વોચમાં હતી. આ દરમિયાન પોલીસને વિદેશી દારૂના જથ્થા અંગે બાતમી મળી હતી. બાતમીના આધારે ટીમે દરોડો પાડીને ૩૦ લાખ રૂપિયાથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. સમગ્ર મામલે હાલ અજાણ્યા આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

કોડીનારની ડાબા કાંઠાની કેનાલ ડોળાસા-સીમાસી સુધી લંબાવવાની ૪૦ વર્ષ જૂની માંગ અધૂરી


કોડીનાર,તા.૧૪



કોડીનાર તાલુકાના શિંગોડા ડેમની ડાબા કાંઠાની કેનાલ ડોળાસા-સીમાસી સુધી લંબાવવા ૨૦ ગામના ખેડૂતો વર્ષોથી રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ હજુ કોઈ પરિણામ આવ્યું નથી. દરિયાકાંઠાના ગામોમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા વિકટ બની છે. ચોમાસામાં ડેમમાં પુષ્કળ પાણી હોવા છતાં કેનાલના અભાવે ખેડૂતો સુધી પાણી પહોંચતું નથી. કેનાલ લંબાવાય તો હજારો એકર જમીનને સિંચાઈનો લાભ મળી શકે છે. વિઠ્ઠલપુર, ભિયાળ, જમનવાડા, નાની ફાફણી, અડવી, વેળવા, પાંચ પીપળવા, માલગામ, ડોળાસા સહિત ઉના તાલુકાના ચીખલી, કરેણી, કાણકિયા, લેરકા અને સીમાસીના ખેડૂતોને ફાયદો થઈ શકે છે. કોડીનારના નરસિંહભાઈ જાદવ અને અડવીના નિવૃત્ત શિક્ષક સુરસિંહભાઈ ડોડિયાએ રજૂઆત કરી છે. ધારાસભ્ય અને શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ પણ મંત્રી ઈશ્વરસિંહ પટેલને રજૂઆત કરી છે.

ઉના પંથકના ખેડૂતો પર વધુ એક આફત, રાતડ રોગથી કપાસનો પાક સુકાયો

ઉના,તા.૧૪



ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાના ગરાળ અને ગાંગડા પંથકમાં કપાસના પાકમાં રાતડ રોગની સમસ્યાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

લીલાછમ કપાસના છોડ સુકાઈને લાકડા જેવા બની રહ્યા છે. રાતડ નામની ઈયળના ઉપદ્રવથી પણ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કનુભાઈ પરમારના જણાવ્યા મુજબ, પાંચથી દસ વીઘામાં વાવેતર કરનારા ખેડૂતોને મોટું નુકસાન થવાની ભીતિ છે. ભગુભાઈએ જણાવ્યું કે મોંઘાં બિયારણ, ખાતર અને દવાઓ પાછળ કરેલો ખર્ચ વસૂલ થાય તેવી આશા ઓછી છે. ખોરડુભાઈએ પણ ખેતી ખર્ચ માથે પડ્યાની વેદના વ્યક્ત કરી હતી. લખમણભાઈએ તંત્ર કચેરીમાં બેસવાને બદલે ખેતરોમાં પહોંચીને સર્વે કરે અને નુકસાનગ્રસ્ત ખેડૂતોને સરકાર સહાય આપે તેવી માંગ કરી છે.

ધોરાજી શહેરમાં પાંચ રિક્ષાચાલકોના ત્રાસથી રિક્ષાચાલકે ભાદર નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

આત્મહત્યા પૂર્વે વીડિયો બનાવી સુસાઇડ નોટ લખી

ધોરાજી,તા.૧૪

ધોરાજીમાં અન્ય રિક્ષાચાલકોના માનસિક ત્રાસથી હમિદભાઈ અજીજભાઈ ખલીફાએ ભાદર નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. મૃતકના પુત્ર આફતાબ ખલીફાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ છેલ્લા ચાર મહિનાથી પાંચ વ્યક્તિઓ ધમકી આપતા, ગાળો બોલતા અને ગેલેક્સી ચોકમાંથી પેસેન્જર નહીં ભરવા દબાણ કરતા હતા. મૃતકે આત્મહત્યા પૂર્વે વીડિયો બનાવી સુસાઇડ નોટ લખી પાંચ વ્યક્તિઓને જવાબદાર ગણાવ્યા હતા. ધોરાજી પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધોરાજી એસ.ટી. ડેપો ખાતે માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધોરાજી,તા.૧૪



ધોરાજી ખાતે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા એસ. ટી. ડેપો ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડ્રાઇવર, કંડક્ટર અને મિકેનિક સહિતના કર્મચારીઓને માર્ગદર્શન અપાયું હતું. મોબાઈલ વ્યસન, અકસ્માત નિવારણ અને બાળકોની સરખામણીથી થતા તણાવ અંગે સમજ અપાઈ હતી. કાર્યક્રમમાં ડેપો મેનેજર પી. એલ. ડાંગર, ડૉ. જયંત પંડ્યા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સરખામણી નહીં, સમજણ આપીએ અને ટીકા નહીં, સહકાર આપીએનો સંદેશ અપાયો હતો.

રાજકોટ-દિવ બસમાં વારંવાર બ્રેકડાઉનને કારણે કોડીનાર પંથકના મુસાફરો મુશ્કેલીમાં

રાજકોટ,તા.૧૪



રાજકોટ ડેપોની બપોરે પોણા બારે ઉપડતી રાજકોટ-દિવ રૂટની બસ (બસ નં. ૧૧૪૬) અવારનવાર રસ્તામાં જ બ્રેકડાઉન થઈ જતી હોવાથી કોડીનાર, ડોળાસા અને દિવના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રૂટ પર મુસાફરી કરતા મુસાફરોના જણાવ્યા અનુસાર, ગત સપ્તાહમાં જ આ ૧૧૪૬ નંબરની બસ ત્રણ વખત રસ્તામાં અધવચ્ચે બ્રેકડાઉન થઈ હતી, જેના કારણે મુસાફરો રઝળી પડ્યા હતા. રાજકોટ ડેપોના અધિકારીઓ આ ગંભીર સમસ્યાથી સારી રીતે વાકેફ છે, તેમ છતાં મુસાફરોની આ સમસ્યાના નિવારણ માટે કોઈ જ નક્કર પગલાં લેવામાં આવતા નથી. આ બસમાં મોટાભાગે કોડીનાર, ડોળાસા અને દિવ તરફના મુસાફરો મુસાફરી કરતા હોય છે. આ વિસ્તારના લોકો રાજકોટ સિવિલ કે અન્ય હોસ્પિટલોમાં સારવાર માટે અવારનવાર અવરજવર કરતા હોય છે અને તેઓ મોટે ભાગે આ જ બસનું બુકિંગ કરાવતા હોય છે. મુસાફરોની આ હાલાકીને ધ્યાને લઈને એસ.ટી. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ રૂટ પર નવી બસ ફાળવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

કોડીનારના છાછર ગામમાં ત્રણ સિંહોએ ગોવંશનું મારણ કર્યું

ઉના, તા.૧૪

ગીર સોમનાથના કોડીનાર તાલુકાના છાછર ગામમાં મોડી રાત્રે ત્રણ સિંહો આવી ચડતાં લોકોમાં ચકચાર મચી હતી. સિંહોએ એક ગોવંશનું મારણ કર્યું હતું.

સિંહો કોડીનાર-અમરેલી હાઈવે સુધી પહોંચતા રખડતા પશુઓમાં નાસભાગ મચી હતી. રાહદારીઓએ દ્રશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા. સિંહોની વધતી અવરજવરથી ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ છે.

:: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામના રેવન્યુ સર્વે નંબર ૭૨/૩ની જુની શરતની નામે "ખારા વાળું" વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦-૮૦-૯૪ વાળી તે ડોબરીયા પરશોતમભાઈ બચુભાઈની સુવાંગ અને સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં.૬૦૭ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦(દસ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એક્ઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૧૩/૧૦/૨૦૨૬ — અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફત:

રાકેશકુમાર સી. વઘાસીયા

(એડવોકેટ) મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭

શ્રીજી ઝેરોક્ષ, મામલતદાર ઓફીસ સામે, રાધે મેડીકલની બાજુમાં, બગસરા.

મેરઠમાં પતિની હત્યા કરનાર મુસ્કાન અને પ્રેમી સાહિલને ફાંસીની સજા

સૌરભ રાજપૂતની હત્યાને કોર્ટે ગણાવી નૃશંસ હત્યાકાંડ, સજા સાંભળતા બંને આરોપીઓ રડવા લાગ્યા

મેરઠ,તા.૧૪



મેરઠમાં પતિ સૌરભ રાજપૂતની હત્યા કરવાના કેસમાં કોર્ટે પત્ની મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલને ફાંસીની સજા સંભળાવી છે. ચુકાદો આપતી વખતે જજે કહ્યું કે આ એક નૃશંસ હત્યાકાંડ છે અને માફી સ્વીકારવામાં નહીં આવે. સજા સંભળાવતા પહેલાં જેલમાં બંધ બંને આરોપીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં જોડવામાં આવ્યા હતા. મુસ્કાન અને સાહિલ રડવા લાગ્યા હતા. જજે મુસ્કાનને પૂછ્યું કે પતિની હત્યામાં દોષી હોવાના કારણે તે કઈ સજા ઈચ્છે છે, ત્યારે તેણે પોતાની દીકરીઓનું ધ્યાન રાખવામાં આવે તેવી વિનંતી કરી હતી. સાહિલ પણ સવાલનો જવાબ આપ્યા વગર ચૂપ રહ્યો હતો. ચુકાદા બાદ સૌરભની માતા રડી પડી અને કહ્યું કે તેમને શાંતિથી ન્યાય મળી ગયો. સૌરભની હત્યા ૩ માર્ચ, ૨૦૨૫ના રોજ કરી મૃતદેહના પાંચ ટુકડા કરીને વાદળી ડ્રમમાં ભરવામાં આવ્યા હતા.

હોટેલમાં બેઠક યોજાઈ તે પહેલા જ રાજકોટમાં રૂ. ૧.૧૦ કરોડની એમ્બરગ્રીસ સાથે ૬ ઝડપાયા

રાજકોટ, તા.૧૪



રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે વ્હેલની ઉલટી તરીકે ઓળખાતી એમ્બરગ્રીસના રૂ. ૧ કરોડ ૧૦ લાખ ૮૦ હજારની કિંમતના ૧.૨૦ કિલો જથ્થા સાથે ૬ શખ્સોને ઝડપી પાડ્યા છે.

પોલીસને બાતમી મળી હતી કે જામનગર તરફથી બે કારમાં કેટલાક શખ્સો એમ્બરગ્રીસ લઈને આવી રહ્યા છે અને પડધરી નજીકની ખાનગી હોટેલમાં તેના વેચાણ અંગે બેઠક યોજવાના છે. તેના આધારે પોલીસે વોચ ગોઠવી કાર્યવાહી કરી હતી. આ કેસમાં મેહુલ રાઠોડ, ભાનુ ચાવડા, વિજયસિંહ ઝાલા, પ્રશાંત જાટ, ધર્મેન્દ્રસિંહ કંચવા અને સાવન જાટને પકડવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, ભાનુ ચાવડાએ એમ્બરગ્રીસના વેચાણ માટે પોતાના મિત્રનો સંપર્ક કર્યો હતો.વેચાણની રણનીતિ નક્કી કરવા બેઠક યોજાઈ રહી હતી ત્યારે પોલીસ ત્રાટકી હતી. હાલ પોલીસે આરોપીઓના ગુનાહિત ઈતિહાસ સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે. એમ્બરગ્રીસ દુર્લભ હોવાથી તેની કિંમત ઊંચી હોય છે.

ચૂંટણીમાં ગોટાળા કરી મોદીને સત્તામાં રહેવામાં મદદ થઈ રહી છે: અભિજીત દીપકે

નવી દિલ્હી, તા.૧૪

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકે આશુતોષ રંકા અને સૌરવ દાસને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણયનો વિરોધ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ચૂંટણીમાં ગોટાળા કરી નરેન્દ્ર મોદીને સત્તામાં રહેવામાં મદદ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સીજેપી એક સ્વતંત્ર દબાણ જૂથ છે, પરંતુ મતદાર યાદીના સુધારણા સામેના આંદોલનમાં વિપક્ષી ગઠબંધન સાથે તેનો હેતુ સમાન છે. જંતર-મંતર પર પરવાનગી વિના પ્રવેશ કરી સૂત્રોચ્ચાર કરવાના મામલે પોલીસે ત્રણ નેતાઓની અટકાયત કરી હતી. ત્યારબાદ આશુતોષ રંકા અને સૌરવ દાસને ન્યાયિક કસ્ટડીમાં મોકલાયા, જ્યારે અજિંક્ય શિંદેને જામીન બોન્ડની પ્રક્રિયા બાદ મુક્ત કરાયા હતા. જંતર-મંતરને વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવાના નિર્ણયની પણ સીજેપીએ ટીકા કરી છે.

મુંબઈના નાલાસોપારાની બહુમાળી ઈમારતમાં ભીષણ આગ, ગૂંગળામણથી બે મહિલાનાં મોત

મુંબઈ, તા.૧૪



મહારાષ્ટ્રના નાલાસોપારા-વસઈ લિંક રોડ પર આવેલી ઈમ્પિરિયલ હાઈટ્સ ઈમારતમાં મધરાતે ભીષણ આગ લાગતાં બે મહિલાનાં મોત થયાં હતાં. મૃતકોની ઓળખ ફાલ્ગુની શાહ અને અશ્વિની પારકર (બંને ઉંમર ૫૦ વર્ષ) તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, ધુમાડાને કારણે ગૂંગળામણથી તેમનાં મોત થયાં હોવાની આશંકા છે. જોકે, મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. આગને કારણે ઈમારતમાં અફરાતફરી મચી ગઈ હતી. એક જ પરિવારના ચાર સભ્યો ૧૪મા માળે ફસાઈ ગયા હતા. આશરે ૪૦થી ૪૫ મિનિટ સુધી મદદની રાહ જોયા બાદ વસઈ-વિરાર મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડે કેનની મદદથી ચારેયને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ અને અચોલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પૂર્વ મેયર રૂપેશ જાધવે પણ સ્થળ પર પહોંચીને બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ અને ઈમારતની અગ્નિસુરક્ષા વ્યવસ્થાની તપાસ હાથ ધરવામાં આવી છે.


'શું દેશમાં ત્રિરંગો લહેરાવવો ગુનો છે?' સીજેપીના નેતાઓની અટકાયત સામે વિપક્ષનો વિરોધ

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન સીજેપીના કાર્યકરો આશુતોષ રંકા અને સૌરવ દાસને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવતાં રાજકીય વિવાદ વકર્યો છે. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે સવાલ કર્યો કે પોતાના દેશમાં રાષ્ટ્રધ્વજ લહેરાવવો શું ગુનો છે? ડી.એમ.કે. પ્રમુખ એમ.કે. સ્ટાલિને કાર્યવાહીની ટીકા કરી અને બંને કાર્યકરોને કાનૂની સહાય આપવાની તૈયારી દર્શાવી. શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરેએ પણ યુવાનોને ત્રિરંગો પકડવા બદલ જેલમાં મોકલવા સામે સવાલ ઉઠાવ્યા. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શાંતિપૂર્ણ વિરોધને બંધારણીય અધિકાર ગણાવી કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલે રાજકીય ચર્ચા તેજ બની છે.

'૨૦૨૯ સુધી મોદી વડાપ્રધાન અને અમિત શાહ ગૃહમંત્રી નહીં રહે': સંજય રાઉત

મુંબઈ, તા. ૧૪



શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતાં દાવો કર્યો છે કે નરેન્દ્ર મોદી ૨૦૨૯ સુધી વડાપ્રધાન નહીં રહે અને અમિત શાહ ગૃહમંત્રી નહીં રહે. અમિત શાહે એનડીએ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યા બાદ રાઉતે આ નિવેદન આપ્યું હતું. મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમનો વિરોધ ઘૂસણખોરોને બચાવવાનો પ્રયાસ હોવાના શાહના આક્ષેપનો જવાબ આપતાં રાઉતે સવાલ કર્યો કે મતદાર યાદીમાંથી નામ દૂર કરાયેલા ભારતીય નાગરિકો, ભૂતપૂર્વ સૈનિકો અને અધિકારીઓને પણ ઘૂસણખોર ગણવામાં આવશે? તેમણે આ મુદ્દે ગૃહમંત્રી પાસે જવાબ માંગ્યો હતો. રાઉતે ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી કમિશનરોને અપાયેલા કાનૂની રક્ષણ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. બીજી તરફ, અમિત શાહે દાવો કર્યો હતો કે વિપક્ષી ગઠબંધનને ૨૦૨૯ની ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડશે. બંને નેતાઓનાં નિવેદનોથી રાજકીય માહોલ ગરમાયો છે.

સપા નેતા આઝમ ખાન સામે ઈડીનો ભ્રષ્ટાચારનો કેસ, જૌહર ટ્રસ્ટને પણ આરોપી બનાવાયું

લખનૌ, તા.૧૪



ઉત્તર પ્રદેશના પૂર્વ કેબિનેટ મંત્રી અને સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન સામે ભ્રષ્ટાચારના આરોપસર કેસ નોંધાયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના ડેપ્યુટી ડિરેક્ટરે રામપુરના અઝીમનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ કેસમાં મૌલાના મોહમ્મદ અલી જૌહર ટ્રસ્ટને પણ આરોપી બનાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી જૌહર ટ્રસ્ટ અને મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી સાથે જોડાયેલી નાણાકીય તપાસના ભાગરૂપે કરવામાં આવી છે. ઈડીએ અગાઉ રામપુર જેલમાં આઝમ ખાનની પૂછપરછ કરી તેમનું નિવેદન નોંધ્યું હતું. તપાસમાં સરકારી કોન્ટ્રાક્ટમાંથી મળેલા નાણાં ટ્રસ્ટ અને યુનિવર્સિટી તરફ વાળવામાં આવ્યા હોવાના આક્ષેપોની તપાસ કરવામાં આવી રહી છે. ઈડીએ ૧૯ ઓગસ્ટે ઉત્તર પ્રદેશના રામપુર, સહારનપુર અને દિલ્હી સહિતનાં સ્થળોએ દરોડા પાડ્યા હતા. એજન્સી નાણાકીય વ્યવહારો, દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની તપાસ કરી રહી છે.

માલદીવ કોસ્ટ ગાર્ડે તમિલનાડુના ૨૫ માછીમારોને અટકાયતમાં લીધા

ચેન્નાઈ, તા.૧૪



માલદીવ કોસ્ટ ગાર્ડે તમિલનાડુના થુથુકુડી જિલ્લાના ૨૫ માછીમારોને ત્રણ બોટ સાથે અટકાયતમાં લીધા છે. ભારે પવન અને સમુદ્રી પ્રવાહને કારણે બોટ માલદીવના જળવિસ્તારમાં પહોંચી હોવાનો માછીમારોએ દાવો કર્યો છે. માછીમાર સંગઠનોએ કેન્દ્ર સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરી માછીમારોને મુક્ત કરવા અપીલ કરી છે. બીજી તરફ, શ્રીલંકાના નૌકાદળે રામેશ્વરમના નવ માછીમારોને બોટ સાથે પકડતાં માછીમાર સમુદાયમાં ચિંતા ફેલાઈ છે.

સમાજવાદી પાર્ટીના ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાતા ઉત્તર પ્રદેશના રાજકારણમાં ગરમાવો

અમેઠી, તા.૧૪

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. ગૌરીગંજના ત્રણ ટર્મના ધારાસભ્ય રાકેશ પ્રતાપ સિંહ, અયોધ્યાના ગોસાઈગંજના ધારાસભ્ય અભય સિંહ અને જાલૌનની કાલ્પી બેઠકના ધારાસભ્ય વિનોદ ચતુર્વેદી બુધવારે ભાજપમાં જોડાયા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરી અને સ્મૃતિ ઈરાનીએ સમારોહમાં ત્રણેયનું સ્વાગત કર્યું હતું. રાકેશ પ્રતાપ સિંહ ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨માં સપાની ટિકિટ પર ચૂંટાયા હતા. ૨૦૨૪ની રાજ્યસભા ચૂંટણીમાં તેમણે ભાજપના ઉમેદવારને મત આપ્યો હતો. ત્યારબાદ જૂન ૨૦૨૫માં સપાએ તેમને પક્ષમાંથી હાંકી કાઢ્યા હતા. રાકેશ પ્રતાપ સિંહે આશરે ૭૦૦ સ્થાનિક જનપ્રતિનિધિઓ પણ ભાજપમાં જોડાશે એવો દાવો કર્યો હતો. હવે આ જોડાણની સ્થાનિક રાજકારણ પર કેવી અસર પડે છે તે જોવું રહ્યું.

સીજેપીને અમેરિકી દાતાઓ પાસેથી ભંડોળ મળતું હોવાનો અમેરિકન ગાયિકાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૪



અમેરિકન ગાયિકા મેરી મિલબેને કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) પર અમેરિકી દાતાઓ પાસેથી ભંડોળ મેળવવાનો આરોપ લગાવ્યો છે. મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે ચાલી રહેલા વિરોધ વચ્ચે તેમણે આ નિવેદન આપ્યું હતું. મિલબેને યુવા દેશભક્તોને સંગઠિત થઈ શાંતિપૂર્ણ વિરોધ કરવાની અપીલ કરી હતી. જોકે, ભંડોળ અંગેના તેમના આરોપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

પાકિસ્તાનની ૩૮.૩ ટકા વસ્તી બહુપરિમાણીય ગરીબીથી પીડિત હોવાનો રિપોર્ટમાં ખુલાસો

ઈસ્લામાબાદ, તા.૧૪



યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી)ના અહેવાલ મુજબ, પાકિસ્તાનની ૩૮.૩ ટકા વસ્તી બહુપરિમાણીય ગરીબીનો સામનો કરી રહી છે. આ ગરીબીમાં માત્ર ઓછી આવક જ નહીં, પરંતુ આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પીવાનું પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓનો અભાવ પણ સામેલ છે. બાંગ્લાદેશમાં આ પ્રમાણ ૧૪.૯ ટકા નોંધાયું છે. જોકે, બંને દેશોના આંકડા અલગ-અલગ વર્ષોના સર્વેક્ષણ પર આધારિત હોવાથી સીધી સરખામણી કરતી વખતે સાવચેતી જરૂરી છે.

અહેવાલ મુજબ, પાકિસ્તાનની ૧૨.૯ ટકા વસ્તી ગરીબીના જોખમ હેઠળ છે. વિશ્વભરમાં બહુપરિમાણીય ગરીબીથી પીડિત લોકોની સંખ્યા વધીને ૧.૨ અબજ થઈ છે. તેમાંથી આશરે ૬૧.૭ કરોડ બાળકો છે, જ્યારે ૮૩ ટકા ગરીબ લોકો ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. આ આંકડા આરોગ્ય, શિક્ષણ અને પાયાની સુવિધાઓની ઉપલબ્ધતામાં રહેલી ગંભીર ખામીઓ ઉજાગર કરે છે.

સાઉદી અરેબિયાના યમન પર હવાઈ હુમલા, હુથીઓએ રિયાધને ધમકી આપી

સના, તા.૧૪



સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના લશ્કરી ગઠબંધને મંગળવારે યમનની રાજધાની સનામાં હવાઈ હુમલા કર્યા હોવાના અહેવાલ છે. હુમલા પહેલાં યમન ઓઈલ કંપનીના પરિસર અને આસપાસના સંગ્રહ વિસ્તારો ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. ત્યારબાદ સનામાં વિસ્ફોટો સંભળાયા હતા. જોકે, કયા સ્થળોને નિશાન બનાવવામાં આવ્યાં તે સ્પષ્ટ થયું નથી. હુથી લશ્કરી પ્રવક્તા યાહ્યા સરીએ ચેતવણી આપી હતી કે સાઉદી અરેબિયા સના પર હુમલો કરશે તો રિયાધને મજબૂત જવાબ આપવામાં આવશે. હુમલાની આશંકા વચ્ચે સનાના કેટલાક પેટ્રોલ પંપ પર ઈંધણ મેળવવા વાહનોની લાંબી કતારો લાગી હતી. દરમિયાન, રિયાધ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર થયેલા હુમલામાં જાનહાનિ અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયાના અહેવાલો વચ્ચે બંને પક્ષો વચ્ચે તણાવ વધ્યો છે. સાઉદી ગઠબંધને રિયાધની ઉત્તરે ત્રણ ડ્રોન તોડી પાડ્યાનો પણ દાવો કર્યો હતો. યમનના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર નિયંત્રણ મેળવવા ચાલી રહેલા સંઘર્ષને કારણે સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા વધી રહી છે.

કોડીનારના વલાદર ગામે ઘરની બહાર સુતેલા યુવકને સિંહણે ફાડી ખાધો

કોડીનાર,તા.૧૪

કોડીનાર તાલુકાના વલાદર ગામે ગત રાત્રિના સમયે સિંહણના હુમલામાં એક યુવકનું કરુણ મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, ગામમાં રહેતો ૩૦ વર્ષીય યુવક મહેશ પ્રતાપ રાઠોડ પોતાના ઘરની બહાર સૂતો હતો. દરમિયાન અચાનક ત્યાં આવી પહોંચેલી સિંહણે યુવક પર હુમલો કરી દીધો હતો અને તેને ઘસડીને લઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને ગ્રામજનોએ યુવકની શોધખોળ હાથ ધરી હતી. લાંબી શોધખોળ બાદ ઘરથી આશરે બે કિલોમીટર દૂર યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. યુવકનો મૃતદેહ જોતા જ પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો અને ચારે તરફ રોકકળ મચી ગઈ હતી.



આ ઘટનાને પગલે વલાદર ગામ સહિત આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. ગ્રામજનો રાત્રિના સમયે ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. બીજી તરફ, વનવિભાગ દ્વારા મૃતકના પરિવારને રૂ. ૧૦ લાખની સહાય આપવામાં આવી હતી, પરંતુ પરિવારજનોએ આ સહાય લેવાની અને મૃતદેહ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પરિવારજનોનું કહેવું હતું કે મૃતકને પાંચ સંતાનો છે અને આટલી સહાયમાં તેમનું ભરણપોષણ થઈ શકે નહીં, જેથી તેમણે વધુ સહાયની માંગ કરી હતી. જોકે, વનવિભાગે સિંહણને પકડવાની તેમજ વધુ સહાય માટેની રજૂઆત સરકાર સુધી પહોંચાડવાની ખાતરી આપતા આખરે પરિવારજનો મૃતદેહ સ્વીકારવા તૈયાર થયા હતા. હાલ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.

વળતરની રકમ ઓછી હોવાનું કહી પરિવારે મૃતદેહ સ્વીકારવાનો કર્યો ઇનકાર, વનવિભાગની ખાતરી બાદ અંતે લાશ સ્વીકારી

વનવિભાગે આપી ખાતરી

આ સમગ્ર મામલે જામવાળા ACF પ્રભાકર કુમારે જણાવ્યું કે, લોકોની કેટલીક માંગણીઓ છે, જેને અમે સાંભળી રહ્યા છીએ. જેમ કે, અહીં વીજળીની થોડી સમસ્યા છે, જે અંગે PGVCL સાથે મીટિંગ કરીને સુધારો કરવામાં આવશે. આવી જે પણ માંગણીઓ છે, તે શક્ય હોય તેટલી પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવશે. હાલ સિંહણને પકડવા માટે ૪ પાંજરા મૂકવામાં આવ્યા છે અને જરૂર જણાશે તો વધુ પાંજરા પણ મૂકવામાં આવશે. વનવિભાગનો તમામ સ્ટાફ ૨૪ કલાક કાર્યરત છે અને રોટેશનમાં કામ કરી શકાય તે માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. જ્યાં પણ આવી સમસ્યા કે ફરિયાદ આવે છે, ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે.

રાજ્ય સરકારે આગામી બજેટની તૈયારીઓ શરૂ કરી, નવરાત્રીથી જ બેઠકોનો દોર

ગાંધીનગર,તા.૧૪



રાજ્ય સરકારે આગામી બજેટની તૈયારીઓ શરૂ કરી દીધી છે. નાણાં વિભાગ દ્વારા નવરાત્રીથી જ બજેટલક્ષી બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આ બેઠકોમાં જૂની અને નવી બાબતોને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે. ગત વર્ષના બજેટમાં જાહેર કરાયેલી બાબતો પાછળ કેટલો ખર્ચ થયો અને કઈ બાબતો હજુ બાકી છે, તેની સમીક્ષા કરવામાં આવી રહી છે. સાથે જ આગામી બજેટમાં કઈ નવી યોજનાઓ અને વિકાસલક્ષી કામોનો સમાવેશ કરી શકાય, તે અંગે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં બેઠકો વધુ તેજ બનવાની શક્યતા છે.

અમરેલી સહિત રાજ્યમાં છેલ્લા નોરતે વરસાદની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ,તા.૧૪



રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં પણ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં છેલ્લા ૯ વર્ષ બાદ ઓક્ટોબર મહિનામાં તાપમાન આ સ્તરે પહોંચ્યું છે. આ અગાઉ વર્ષ ૨૦૧૭ના ઓક્ટોબરમાં ૩૯.૪ ડિગ્રી અને વર્ષ ૨૦૨૪ના ઓક્ટોબરમાં ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ વર્ષે તાપમાન સામાન્ય કરતાં ૨થી ૩ ડિગ્રી વધુ રહ્યું છે.બીજી તરફ હવામાન વિભાગની આગાહી મુજબ ૧૯ ઓક્ટોબરના રોજ ટ્રફ સક્રિય થવાના કારણે અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં સામાન્યથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જેના કારણે છેલ્લા નોરતાની મજા બગડવાની શક્યતા છે.

આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. આમ, એક તરફ ગરમી અને બીજી તરફ વરસાદની આગાહીથી લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે.

હર્ષ સંઘવીના હસ્તે રાજ્યના ૧૪,૮૫૩ ઉદ્યોગસાહસિકોના બેંક ખાતામાં સીધી સહાય

ગાંધીનગર,તા.૧૪

રાજ્યના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે બુધવારે ૧૪ ઓક્ટોબરે ગાંધીનગરમાં 'વન-ક્લિક ઇન્સેન્ટિવ ડિસ્ટ્રિબ્યુશન' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યના ૧૪,૮૫૩ ઉદ્યોગસાહસિકોના બેંક ખાતામાં સીધા ૧,૧૦૦.૧૯ કરોડ રૂપિયાની ઈન્સેન્ટિવ સહાય જમા કરવામાં આવી હતી. આ સહાયમાં સૌથી વધુ ૧૧,૦૫૨ નાના અને મધ્યમ કદના (MSME) ઉદ્યોગોનો સમાવેશ થાય છે. સરકારે ઈન્સેન્ટિવ મેળવવા માટે બેંક લોન લેવાની ફરજિયાત શરત દૂર કરી છે. જેના કારણે હવે પોતાની મૂડીથી વ્યવસાય શરૂ કરનારા ઉદ્યોગસાહસિકો પણ પ્રોત્સાહક સહાયનો લાભ મેળવી શકશે. સરકારના આ નિર્ણયથી ઉદ્યોગજગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઈડર પોલીસ સ્ટેશનના લોકઅપમાં યુવકનું રહસ્યમય મોત થતા પરિવારે પોલીસ બેદરકારીના આક્ષેપ કર્યા

હિંમતનગર,તા.૧૪



સાબરકાંઠાના ઈડર પોલીસ સ્ટેશનના લોકઅપમાં પૂરાયેલા યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં ચકચાર મચી ગઈ છે. મહેસાણાના ખેરાલુ તાલુકાના મિયાસણા ગામના અનિલ ગોવિંદ વાઘેલા સામે પત્ની સાથેના ઘરેલુ ઝઘડા બાદ ૧૧૨ હેલ્પલાઈન પર ફરિયાદ થતાં પોલીસે તેમની અટકાયત કરી લોકઅપમાં રાખ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, વહેલી સવારે અનિલે નાઈટ ડ્રેસની દોરી લોકઅપના સળિયા સાથે બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને પોલીસની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કરી ન્યાયની માંગ કરી હતી. બનાવને પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. અંતે પરિવારે મૃતદેહ સ્વીકારતાં હાલ મામલો થાળે પડ્યો છે, પરંતુ કસ્ટડીમાં સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

બગસરા નજીક કપાસના ખેતરમાં છુપાયેલા સિંહે ટ્રેકર પર કર્યો હુમલો

અમરેલી,તા.૧૪




અમરેલી જિલ્લામાં સિંહના હુમલાની વધી રહેલી ઘટનાઓને લઈને સ્થાનિક રહીશો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૧૮ દિવસમાં સિંહના હુમલાની આઠમી ઘટના સામે આવતા વનવિભાગની કામગીરી અને પેટ્રોલિંગ સામે સવાલો ઉઠ્યા છે. બગસરાથી બે કિલોમીટર દૂર મંત્રેશ્વર મહાદેવ મંદિર પાસે વિશાલભાઈ ત્રાપસીયાની વાડીમાં કપાસના ખેતરમાં બેઠેલા સિંહે ટ્રેકર મહેશભાઈ જસાભાઈ માટિયા પર અચાનક હુમલો કર્યો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હુમલામાં ઈજાગ્રસ્ત મહેશભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે વનવિભાગની કામગીરી સામે નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોમાં ભયનો માહોલ છે.

રાજકોટમાં પાંચમા માળેથી બે વર્ષની બાળકી નીચે ખાબકતા મોત, પોલીસને લાશ નીચે ફેંકી હોવાની શંકા

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં એપાર્ટમેન્ટના પાંચમા માળેથી પટકાતાં બે વર્ષીય બાળકી સ્નેહા સાકરિયાનું કરૂણ મોત નીપજ્યું છે. સોમવારે સાંજે રમવા નીકળેલી બાળકી નીચે પટકાતાં વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ તથ્યોને આધારે કોઈએ બાળકીને ફેંકી દીધી હોવાની આશંકા સાથે પોલીસે ગુનાહિત એંગલથી વધુ તપાસ હાથ ધરી છે.



વલસાડમાં અતુલ કંપની દ્વારા પાર નદીમાં ઝેરી પાણી છોડાતાં ૭ ગામોમાં ભયાનક પ્રદૂષણ

વલસાડ,તા.૧૪

વલસાડના હરિયા ગામ નજીક અતુલ કંપની દ્વારા પાર નદીમાં ખુલ્લેઆમ છોડાતા કેમિકલયુક્ત પાણીથી આસપાસના ૭ ગામોમાં ભયાનક પ્રદૂષણ ફેલાયું છે. ઝેરી પાણીના કારણે ૫૦ વર્ષ જૂના વૃક્ષો સુકાઈ ગયા છે, ચોમાસું પાક બરબાદ થયો છે અને નદી દૂષિત થતાં માછીમારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે.



કંપની દ્વારા કેમિકલ માટે નવી ત્રીજી પાઇપલાઇન નાખવાની કામગીરીનો ગામજનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. લોકોએ નવી લાઇનનું ખોદકામ અને રાત્રે છોડાતો ઝેરી ગેસ તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. કંપનીએ મૌન સેવ્યું છે, ત્યારે જીપીસીબી (GPCB) કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.





હાઈકોર્ટે મહુવાના ગ્રામ્ય પંથકની સગીરાને ગર્ભપાતની મંજૂરી આપી

ભાવનગર,તા.૧૪

ગુજરાત હાઈકોર્ટે ભાવનગરની ૧૭ વર્ષીય દુષ્કર્મ પીડિતાને ૨૩ અઠવાડિયાના ગર્ભનો ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી છે. સર તખ્તસિંહજી હોસ્પિટલને પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા અને આરોપી સામે પુરાવા મજબૂત કરવા ગર્ભના ટિશ્યુ એકત્ર કરી ૮ અઠવાડિયામાં DNA રિપોર્ટ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

